Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ




સુશ્રાદ્ધવર્ય-સ્વ. શ્રી કુંવરજીભાઇ આણુંદજીની આરસ-પ્રતિમા

વીર સં. ૨૪૭૬ પુસ્તક ૬૬ મું. અંક ૧૦ મો.

શ્રાવણ

પ્રકટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

વિ. સં. ૨૦૦૬ ૧૫ મી ઑગસ્ટ ઇ. સ. ૧૯૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૬ મું, અંક ૧૦ મો. | શ્રાવણ | વીર સં. ૨૪૭૬, વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રેમભક્તિ પુષ્પાંજલિ ... | (શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર) | ૨૧૮ |
| ૨ | આરસ-પ્રતિમાનો અનાવરણ-ઉત્સવ ... ... ... ... | | ૨૧૯ |
| ૩ | આદર્શ શ્રાવક : શ્રી કુંવરજીભાઇ ... | (રા. બ. શ્રી કાંતિલાલભાઇનું પ્રવચન) | ૨૨૫ |
| ૪ | સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઇને શ્રદ્ધાંજલિ ... ... ... ... | (ઉત્સવ પ્રસંગે આવેલ સંદેશાઓનું ટૂંકું ટાંચણ) | ૨૨૯ |
| ૫ | પ્રભુશ્રી મહાવીરસ્વામી અને દેવો ... | (મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી) | ૨૩૩ |
| ૬ | श्रद्धेय कुंवरजी को हृदय श्रद्धांजलि ... | (શ્રી રાજમલ ભંડારી) | ૨૩૬ |
| ૭ | સંવત્સરીનું સ્વાગત ... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૩૭ |
| ૮ | ક્ષમાપના ... ... ... ... | (મુનિરાજશ્રી જિતેંદ્રવિજયજી) | ૨૩૭ |
| ૯ | ખામણાની સજ્ઝાય ... ... | (સંપા૦ ભોજક મોહનલાલ ગિરધર) | ૨૩૮ |
| ૧૦ | જ્ઞાતનંદનની જ્ઞાન-ઉપાસના ... ... | (મૃદુલા છોટાલાલ કોઠારી) | ૨૩૯ |
| ૧૧ | સાહિત્યવાડીનાં કુસુમો ... | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૨૪૧ |
| ૧૨ | ધર્મ-પ્રભાવના ... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૪૫ |
| ૧૩ | સભા-સમાચાર ... ... ... ... ... ... | | ૨૪૮ |


### નવા સભાસદ

શાહ વનમાળીદાસ લવજીભાઇ ભાવનગર વાર્ષિકમાંથી લાઇફ મેમ્બર

## "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને

ગતાંકમાં જણાવી ગયા તે પ્રમાણે "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓ પાસે સં. ૨૦૦૫ ના રૂા. ૧-૧૨-૦ તથા સં. ૨૦૦૬ ના રૂા. ૩-૪-૦ તથા ભેટ બુકનું વી. પી. પોસ્ટેજ ૦-૬-૦ મળી કુલ રૂા. ૫-૬-૦ વસુલ કરવા માટે "**પ્રશ્નોત્તર રસધારા**"નામની ભેટ બુક રવાના કરવામાં આવી છે. કેટલાક ગ્રાહક બંધુઓ શરતચૂકથી કે ગેરસમજણથી વી. પી. પાછું ફેરવી જ્ઞાનખાતાને નુકશાન કરે છે તો તેમ ન કરવા વિજ્ઞપ્તિ છે. જ્ઞાનખાતાને નુકશાન કરવું તે કોઇપણ પ્રકારે હિતાવહ નથી.

આ ભેટ પુસ્તક ફક્ત ગ્રાહક બંધુઓ માટે છે, સભાના સભાસદ બંધુઓ માટે નથી, તેથી સભાસદ બંધુઓએ મંગાવવું નહિ. કેટલાક બંધુઓએ "બીજા અશાડનો અંક અમને મળ્યો નથી" એમ પત્ર લખેલ છે તેઓને જણાવવાનું કે-પ્રથમ અશાડનો અંક નવમો પ્રગટ થયા પછી, બીજા અશાડનો અંક પ્રગટ થયો નથી. ત્યારબાદ આ શ્રાવણનો દશમો અંક પ્રગટ થયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૬ મું. અંક ૧૦ મો. શ્રાવણ વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬



સ્વ૦ શ્રીયુત કુંવરજીભાઈ આણંદજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજીની આરસની પ્રતિમાના**
**અનાવરણ વિધિ પ્રસંગે**

# પ્રેમભક્તિ–પુષ્પાંજલિ.

( રાગ સોરઠી )

અર્પણ **પુણ્ય પુરુષને**, પ્રેમભક્તિ પુષ્પાંજલિ રે !
વિલસી વિરલ વિવેકી સ્વધર્મ દૃષ્ટિ નિર્મળી રે. અર્પણ૦ ૧

અનુપમ સેવામૂર્તિ મલપતી, જ્ઞાન–ક્રિયા આચાર સુહવતી !
સુયશ ગુલાબ પરિમલ કાર્યે ઉજ્જવળી રે ! અર્પણ૦ ૨

ઔદાર્યે ગાંભીર્યે ગરવા, સચ્ચારિત્ર્ય વિનયગુણ ધરતા;
હૈયે શાસનભક્તિ ગંગા ઉછળી રે ! અર્પણ૦ ૩

વીરધર્મનો શૂર સુભટ એ, **જૈન ધર્મનો પ્રકાશપટ** એ !
સરિતા શારદ આત્મલક્ષ્મી અંતર વળી રે ! અર્પણ૦ ૪

**ભાવનગર** નભ ઇન્દુ શીળો, પ્રતાપ ભાસ્કર અજબ અમૂલો;
સંયમ સમદૃષ્ટિ શુભ નિષ્ઠા જ્યાં ભળી રે ! અર્પણ૦ ૫

રાજ્ય મહાજન સંઘ ધરોધર, સર્વમાન્ય ને શાસ્ત્રકલાધર !
હર્ષદ હરપળ જ્યોતિ ત્યાગ તપ ઝળહળી રે ! અર્પણ૦ ૬

શ્રેષ્ઠિ સંત લેખક પંડિતવર, નિરુપમ વક્તા પ્રેમ સરોવર !
**જૈન ધર્મ પ્રસારક સભા** જ્યોત ઉજ્જવળી રે. અર્પણ૦ ૭

**આનંદ** તનય **કુંવરજીભાઇ**, સુયશ પરિમલ રહ્યા છવાઈ;
યશ ગાથા ગાતાં **સૌરાષ્ટ્ર** સૌ મળી રે. અર્પણ૦ ૮

**કાન્તિભાઇ** શુભ હસ્તકમલથી, **આઠ જુલાઇ શનિ** ભાવ વિમલથી !
અર્પાતી નરવરને **ભકિત અંજલિ** રે. અર્પણ૦ ૯

પુણ્ય **પ્રતિમા સભાસદન**માં, આજ **પ્રતિષ્ઠા અનાવરણ** હાં !
**ભાવનગર**ના તેજલ તારલીઆતણી રે ! અર્પણ૦ ૧૦

**ધર્મ સભા**નો મુકટ **મણિ** એ, વંદન માનવશ્રેષ્ઠ ગણીને !
સ્વર્ગ અટારી હ્યો હ્યો અમ પ્રેમાંજલિ રે ! અર્પણ૦ ૧૧

**રચયિતા–શ્રી મણિલાલ મોહનલાલ ‘ પાદરાકર ’**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુશ્રાદ્ધવર્ય, આજીવન સાહિત્યસેવી

# સ્વર્ગસ્થ શ્રીયુત કુંવરજીભાઇ આણંદજીની

## આરસ–પ્રતિમાનો અનાવરણ–ઉત્સવ.

આપણી સભાના આજીવન પ્રમુખ, સુશ્રાદ્ધવર્ય, પરમ આર્હત, શ્રીયુત **કુંવરજીભાઇ આણંદજીની આરસપ્રતિમાનો** અનાવરણ ઉત્સવ અત્રે સભાના ત્રીજા માળના હૉલમાં, પ્રથમ અશાડ વદિ ૯ ને શનિવાર, તા. ૮ મી જુલાઇ '૫૦ના રોજ બપોરના ચાર કલાકે યોજવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે સભાના મકાનને ધ્વજા તેમજ તોરણોથી સુશોભિત કરવામાં આવ્યું. અતિશય વરસાદ હોવા છતાં આ ઉત્સવ પ્રસંગે નિયત થયેલા પ્રમુખ મુંબઇનિવાસી રાવબહાદુર શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ પાલીતાણાથી પોતાના સહકાર્યકરો શ્રી ભાઇચંદભાઇ નગીનદાસ, શ્રી ફુલચંદભાઇ શામજીભાઈ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી વીરચંદભાઇ નાગજીભાઇ તથા શ્રી મોતીચંદ વીરચંદ સાથે આવી પહોંચ્યા હતા. સભાનો હૉલ સભાસદો, આમંત્રિત ગૃહસ્થો, અગ્રગણ્ય નાગરિકો અને અધિકારી વર્ગથી ભરાઇ ગયો હતો, જેમાં ખાસ કરીને નીચેના ગૃહસ્થોની હાજરી ધ્યાન ખેંચતી હતી.

હાલના સભાના પ્રમુખ શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી, ઉપપ્રમુખ શેઠ ભોગીલાલભાઇ મગનલાલ તથા ઓનરરી સેક્રેટરીઓ શ્રી અમરચંદ કુંવરજી શાહ તથા દીપચંદ જીવણલાલ શાહ તેમજ સંઘના સેક્રેટરી શ્રી જુઠાભાઈ સાકરચંદ વોરા, શ્રી ખાન્તિલાલ અમરચંદ વોરા, શ્રી ગુલાબચંદ આણંદજી, શ્રી ભાઈચંદ અમરચંદ વકીલ, શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ, શ્રી લલ્લુભાઇ દેવચંદ શાહ, તેમજ કલેકટર શ્રી રમણુલાલ ત્રિવેદી, ડેપ્યુટી કલેકટર શ્રી વ્યાસ, ડીસ્ટ્રીક જજ શ્રી મીનોચહેર ઉનવાળા અને શ્રી ગજાનનભાઈ ભટ્ટ વિગેરે વિગેરે.

શરૂઆતમાં **શ્રી ભાઇચંદભાઇ અમરચંદ વકીલે** શ્રી કાંતિલાલભાઈ માટે પ્રમુખની દરખાસ્ત મૂકતાં જણાવ્યું કે-શ્રીયુત કાંતિલાલભાઇની વિધવિધ પ્રવૃત્તિથી જૈન સમાજ અજાણ્યો નથી. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસને ઉન્નત બનાવવામાં તેઓશ્રી પુષ્કળ જાતિભોગ આપી પ્રયત્ન કરી રહ્યા છે. હાલનું સમાજનું સુકાન તેમના હસ્તમાં છે, તેથી તેમના જેવા પ્રતિષ્ઠિત સજ્જનના હાથે આ અનાવરણ-ઉત્સવ થાય તે ઇષ્ટ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ભાઇચંદભાઇની દરખાસ્તને સભાના ઓનરરી સેક્રેટરી અને સેવાભાવી **શ્રી અમરચંદ કુંવરજી શાહે** અનુમોદન આપ્યું હતું.

< શ્રી અમરચંદ કુંવરજી શાહ

બાદ શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકરરચિત શ્રીયુત કુંવરજીભાઈને શ્રદ્ધાંજલિ અર્પતું કાવ્ય, સંગીત સાથે સંભળાવવામાં આવેલ, જે કાવ્ય આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.



ત્યારપછી સભાના બીજા ઓનરરી સેક્રેટરી અને અત્રેના આલ્ફ્રેડ હાઈસ્કૂલના સાયન્સ ટીચર **શ્રી દીપચંદ જીવણલાલ શાહે** આ શુભ પ્રસંગે આવેલા સંખ્યાબંધ સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. ( આ સંદેશાઓનું ટૂંકું, ટાંચણ આજ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. )

< શ્રી દીપચંદ જીવણલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાદ સભાના હાલના પ્રમુખ **શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીએ** જણાવ્યું કે—સ્વર્ગસ્થ શ્રીયુત કુંવરજીભાઈ સાથે મારો પરિચય ૬૦ વર્ષથી છે. શ્રી કુંવરજીભાઇ અજોડ અભ્યાસી હતા. શાળામાં અભ્યાસ કર્યો ન હોવા છતાં સ્વપ્રયત્નથી સંસ્કૃત શીખ્યા અને સાધુ-મુનિમહારાજોને પણ અભ્યાસ કરાવવા જેટલી નિપુણતા પ્રાપ્ત કરી હતી. ધર્મના નિષ્ણાત શ્રાવકો તેમના જેવા ઓછા હોય છે. તેમણે અનેક પુસ્તકો પણ છપાવ્યા છે. એક પણ પ્રૂફ તેમના સુધાર્યા સિવાય ન રહેતું. સવારમાં સામાયિક, સાધુ મહારાજને અભ્યાસ, વ્યાખ્યાનશ્રવણ, પૂજા અને સાંજે અલ્પાહાર,–આ પ્રમાણે તેમની દિનચર્યા હતી. સાધુ-મહારાજાઓ પણ કેટલીક વાર તેમની પાસેથી શંકાનો ખુલાસો મેળવતા. તેમનું જીવન તપસ્વી તરીકે હતું. પાછલી જિંદગીમાં તેમણે લીલા શાક અને ફળોનો પણ ત્યાગ કર્યો હતો. તેઓશ્રી ગૃહસ્થ છતાં સાધુ જેવા હતા. અગ્રગણ્ય શહેરી તરીકે પણ તેમની સેવા અનુપમ હતી. શહેરની દરેક શુભ પ્રવૃત્તિમાં તેમનો હિસ્સો રહેતો. દુષ્કાળ વગેરેમાં તેમની મહેનત ઘણી જ પ્રશંસનીય હતી. સં. ૧૯૯૬ની સાલમાં પાંજરાપોળ માટે મુંબઈ જઇ રૂા. ૬૦૦૦૦) જેટલું ફંડ એકત્ર કરી આપ્યું હતું.



**શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી**

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસના તેઓ શરૂઆતથી જ હિમાયતી હતા એટલું જ નહિં પણ તેને પગભર કરવામાં તેઓશ્રીનો સંપૂર્ણ સાથ હતો અને મુંબઈ, વડોદરા, અમદાવાદ, ભાવનગર વિ૦ સ્થળોએ થયેલા કોન્ફરંસના અધિવેશનોમાં તેમણે અગ્રભાગ ભજવેલો. કોન્ફરંસદ્વારા જ સમાજનું શ્રેય સધાશે તેવી તેઓશ્રીની માન્યતા હતી.

આ અનાવરણ વિધિ માટે અમે શ્રી કાન્તિલાલભાઇને વિનંતી કરી. તેમની સાથે સભાનો અને કુંવરજીભાઇનો સંબંધ ગાઢ છે. શ્રી કાન્તિભાઈ કુંવરજીભાઇને વડીલ માનતા અને તેમનો પડ્યો બોલ ઉપાડી લેતા. જૈન સમાજમાં કાન્તિભાઈ જેવા ઉત્સાહી, દેશકાળને સમજનાર, કેળવણી પ્રત્યે અત્યંત પ્રેમ રાખનાર ભાગ્યે જ કોઇ બીજા હશે. જૈન સંસ્કૃતિ જીવંત અને જગતને પ્રેરણાદાયી રહે તે માટે જૈન વિદ્યાપીઠ ઊભી કરવાની તેમની ભાવના જગજાહેર છે. મુંબઇમાં શકુંતલા જૈન કન્યાશાળા માટે તેમણે તન, મન અને ધન અર્પ્યાં છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓશ્રીએ શ્રી કુંવરજીભાઈની આરસ-પ્રતિમાની અનાવરણ વિધિ કરવાની વિનંતી ખુશીથી સ્વીકારી તે માટે ઉપકાર માનું છું.



બાદ શ્રીયુત ગુલાબચંદ લલ્લુભાઇએ જણાવ્યું કે-આપણે તે જ્ઞાનમૂર્ત્તિનું સ્મરણ કરતા હોઇએ તેમ તે પ્રતિકૃતિના પ્રત્યક્ષ દર્શન થાય છે. તેમની સુવાસ હજુ પણ પ્રસરી રહી છે. અને આજે આ આરસ-પ્રતિમાદ્વારા આપણે પ્રેરણા ઝીલી તેઓશ્રીના સાહિત્ય-પ્રકાશનના કાર્યને વેગ આપીએ. તેઓશ્રી સંશોધનપ્રિય હતા અને ભાષાંતરો કરાવવાની પહેલ તેમણે જ સર્વપ્રથમ કરી. દરેક વિષયમાં તેમનું માર્ગદર્શન દીર્ઘદૃષ્ટિવાળું અને ઉપયોગી નીવડતું.

બાદ શ્રીયુત **મોહનલાલ દીપચંદ ચોકસી**એ—જેની પ્રતિમા ખુલ્લી મુકાય છે તે વ્યકિત, ખુલ્લી મૂકનાર વ્યકિત અને આ પ્રસંગ પરથી જીવનમાં લેવો જોઈતો સાર-એ બાબતોનું મહત્ત્વ સમજાવી સ્વ. કુંવરજીભાઈમાં રહેલ જ્ઞાન અને ક્રિયાનો સમન્વય યાદ કર્યો હતો. તેઓએ કહ્યું હતું કે-સ્વ. કુંવરજીભાઇ જૂના અને નવા જમાના વચ્ચે પૂલ જેવા હતા અને રાજકારણ, સમાજકારણ તેમજ દેશકારણ ત્રણેને લક્ષમાં રાખી દરેક કાર્ય કરતા. તેઓ પોતાનાં મંતવ્યો નિડરપણે રજૂ કરતા હતા. બાદ તેમણે સ્વ. શ્રી કુંવરજીભાઇને શ્રાવક કવિ ઋષભદાસ સાથે સરખાવ્યા હતા.




શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

બાદ શ્રી **પરમાનંદ કુંવરજી કાપડિયા**એ પોતાના પિતા વિષે બોલતાં એમના જીવનમાં રહેલો વિરક્તભાવ અને સંસાર પ્રત્યેની ઉદાસીનતાનો ઉલ્લેખ કર્યો હતો. તેઓએ કહ્યું કે-આ પ્રતિમાના શિલ્પી શ્રી વાઘે પ્રતિમા ઘડતી વખતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાવરણ ઉત્સવ પ્રસંગે થયેલ મેળાવડાનું સુંદર દ્રશ્ય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમા સાથે એક જાતનું તાદાત્મ્ય સાધ્યું હોવાનો અનુભવ કર્યો હતો વાઘે તેઓને કહ્યું હતું કે–આવો અનુભવ શિલ્પીઓને કવચિત જ થાય છે. વક્તાએ ભાવનગરના બીજા એક નાગરિક ગુલાબરાય ગોવિંદરાય દેસાઇ તથા ગુજરાતના સાક્ષર આનંદશંકર બાપુભાઇ ધ્રુવને યાદ કરી સ્વ. કુંવરજીભાઇને તેઓની સાથે સરખાવતાં કહ્યું હતું કે–જૂની પેઢીની આવી વ્યક્તિઓ હવે જોવા મળશે નહિં.

બાદ શ્રી મોતીલાલ વીરચંદ માલેગામવાળાએ જણાવ્યું કે–મહારાષ્ટ્રમાં ઘણા સમય પૂર્વે એક જૈનેતર પંડિત સાથે ધર્મચર્ચાનો પ્રસંગ ઉપસ્થિત થયો. પંડિતને જૈન ધર્મની દૃષ્ટિએ સચ્ચોટ જવાબ આપી શકે તેવા વિદ્વાનની અમને જરૂર પડી તે વખતે અમારી નજર સ્વ૦ કુંવરજીભાઇ ઉપર પડી. તેમની સાથે પંડિતજીની ચર્ચા પત્રવહેવારથી ચલાવી. અત્રેથી પ્રશ્નો જાય તેનો ઉત્તર આવે. પરિણામે કુંવરજીભાઇના જવાબોથી પંડિતને સંતોષ થયો. આમ મહારાષ્ટ્ર ઉપર પણ તેઓશ્રીનો ઉપકાર છે. આવા એક જ્ઞાનપિપાસુને અંજલી આપવાની તક મળી, તે માટે સમસ્ત મહારાષ્ટ્રવતી હું મારી જાતને ધન્ય માનું છું.



શ્રી ભોગીલાલભાઇ મગનલાલ શેઠ

બાદ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શેઠે કહ્યું કે–સ્વ. પટ્ટણી સાહેબે મને એક વાર કહેલું કે–કુંવરજીભાઈ જ્યારે મને મળવા આવતા ત્યારે જનહિતની જ વાત કરવા આવતા. અને સ્વ. પટ્ટણી સાહેબને એમની વાત સાચી જ લાગતી. આ પછી તેમણે પ્રમુખશ્રીને પ્રતિમા ખુલ્લી મૂકવાની વિનંતિ કરતાં સ્વ. શ્રીયુત કુંવરજીભાઇનાં ધર્મપ્રેમ તેમજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સફળ સંચાલન સંબંધી સુયોગ્ય શબ્દોમાં સમયોચિત વિવેચન કર્યું.

બાદ શ્રીયુત કાંતિલાલભાઇ ઇશ્વરલાલે શ્રીયુત કુંવરજીભાઈની આરસ-પ્રતિમાની અનાવરણ વિધિ કરી હતી અને તેઓશ્રીને અંજલિ અર્પતું પ્રવચન કર્યું હતું, જે આ જ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ કર્યું છે.

છેવટ શેઠ હરિલાલ દેવચંદે પ્રમુખશ્રી, મહેમાનો અને અધિકારીઓ તથા ગૃહસ્થોનો આભાર માન્યો હતો અને ચા-પાનને ન્યાય આપી સૌ વિખરાયા હતા. આ પ્રમાણે આનંદજનક વાતાવરણ વચ્ચે મેળાવડો પૂર્ણ થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આદર્શ શ્રાવક : શ્રી કુંવરજીભાઇ

[ પ્રથમ અશાડ વદિ ૯ ને શનિવારના રોજ શ્રી કુંવરજીભાઈની આરસ-પ્રતિમાનું અનાવરણ કરતાં રા. બ. શ્રી કાંતિલાલભાઇએ કરેલ પ્રવચન ]

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના પ્રમુખ તથા તેની કાર્યવાહી સમિતિનો હું આભાર માનું છું કે સ્વ. શેઠ કુંવરજીભાઇ આણંદજીની પ્રતિમાને ખુલ્લી મૂકવાનું માનભર્યું અને પવિત્ર કાર્ય મને સોંપ્યું છે.

મારા જીવનમાં આજના દિવસને હું હંમેશા યાદગાર તરીકે ગણીશ. આ યુગના પ્રથમ શ્રાવક શેઠ કુંવરજીભાઇ આણંદજીની પ્રતિમામાંથી જૈનધર્મે ફરમાવેલ જ્ઞાન અને ક્રિયામાંથી શ્રાવક વર્ગને અનેક પ્રેરણાઓ મળશે.


રા. બ. શેઠ કાંતિલાલભાઇ ઇશ્વરલાલ

જૈન સમાજના ચરણે ભાવનગરનો જૈન સંઘ એક મહાન અને પરમ આર્હત્ શ્રાવક ધરી શકયો તે માટે ભાવનગરના શ્રી સંઘને ખરેખર ધન્યવાદ ઘટે છે આદર્શ સાધુ સમાજ ઘણા મેળવી શકે, પણ આદર્શ શ્રાવક મ્હારી સમજ મુજબ સમાજમાં મેળવવા બહુ જ કઠીન છે; કારણ કે શ્રાવક સંસ્થામાં રહીને સાધુજીવન પાળવું, એ તો આખા જીવન દરમ્યાન મોહરાજા સામે સતત યુદ્ધ ચલાવવા બરાબર છે. સ્વ. શેઠ કુંવરજીભાઇને તો મૂળ સ્વભાવે જ 'અકષાયી' જીવનની ટેવ પડી ગયેલી એટલે તેમને મન શ્રાવક તરીકે રહ્યા છતાં સાધુજીવન તેમનામાં ઓતપ્રોત થઈ ગયેલું.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના નામને ખરેખર શોભાવે એવા જ પ્રમુખ સભા પ્રાપ્ત કરી શકી, એટલું સભાનું જ નહી, ભાવનગરના જૈન સંઘના એકલાનું પણ નહી, પણ સમગ્ર જૈન સમાજનું તેમાં સદ્ભાગ્ય હતું કે જૈનધર્મનો ફેલાવો કરનારી સભાના પ્રમુખ શેઠ કુંવરજીભાઇ હતા. એમની ખોટ સભાને જેટલી સાલતી હશે તેનાથી અનેકગણી જૈન સમાજને સાલે છે.

જે કાળમાંથી આપણે હાલ પસાર થઇ રહ્યા છીએ તેવા કાળમાં સ્વ. શેઠ કુંવરજીભાઇ જેવા ચારિત્ર્યશીલ તથા શ્રુતજ્ઞાનના અઠંગ અભ્યાસી, અને પોતાનું એ જ્ઞાન ચતુર્વિધ સંઘને નમ્રભાવે અને વિવેકપૂર્વક અર્પણ કરનાર, આવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચા સેવકોની આપણે કેટલી મોટી જરૂર છે, તે જ્યારે કુંવરજીભાઇના જીવનને યાદ કરીએ છીએ ત્યારે તેની અમૂલ્ય કીંમત માલૂમ પડે છે.

આવી ખોટ આપણે શી રીતે પૂરી કરી શકીએ ? તે વિચાર, અને તેને અંગે યોગ્ય કાર્ય આપણે હાથ ધરીએ તો જ સ્વર્ગસ્થને આપણે સાચી રીતે સમજી શકયા ગણાઇએ. એટલું જ નહી પણ એમની પ્રતિમાને મૂર્તસ્વરૂપ આપ્યું ગણાય.

આજે આખું જગત જડવાદના ચક્કરમાં એવું તો વિટાળાઇ ગયું છે કે તેમાંથી તેને શાંતિનો ખરો માર્ગ મેળવવાને બદલે વધુ ને વધુ અશાંતિના માર્ગે જવું પડે છે. અધ્યાત્મવાદને જગત જ્યાંસુધી અપનાવવાનું ન શીખી શકે ત્યાંસુધી ચાલુ અશાંતિનો કોઇ દિવસ અંત આવે તેમ નથી, અને આ અધ્યાત્મવાદની જૈનધર્મમાં જે સરળતા અને ઝીણવટથી છણાવટ થઇ છે, તે જોતાં જગતને સાચા માર્ગદર્શક થઇ શકે તેમ છે. આખા જગતના કોઇપણ દેશની સામાજિક, રાષ્ટ્રીય કે આર્થિક ગુંચો જૈનધર્મના સિદ્ધાંતો અપનાવ્યા સિવાય ઉકેલી શકાય તેમ નથી. અહિંસા અને સ્યાદ્વાદ આ બે જ મહાન સિદ્ધાંતોદ્વારા જગત શાંતિ અને પ્રેમભાવ તરફ ઢળી શકે તેમ છે. આપણે એક સ્વતંત્ર જૈનવિદ્યાપીઠ સ્થાપી શકીએ, તો તેમાં આધુનિક શિક્ષણ સાથે જૈન શાસ્ત્રોનો પશ્ચિમની શાસ્ત્રીય પદ્ધતિથી અભ્યાસ કરાવાય તો આપણું તત્ત્વજ્ઞાન આપણો વિદ્યાર્થી મેળવી શકે અને રાજમાર્ગ જેવા ધર્મથી વંચિત રહેલા જગત સમક્ષ સાચા સ્વરૂપમાં રજૂ કરવા જેટલો શક્તિશાળી થાય. આવું રચનાત્મક કાર્ય હાથ ધરાય તો જ સ્વ. કુંવરજીભાઇને ખરી અંજલિ આપી ગણાય.

સ્વ. શેઠ કુંવરજીભાઇનો સંબંધ આપણી કોન્ફરન્સ સાથે જૂનામાં જૂનો અને અતિ ગાઢ હતો. કોન્ફરન્સના મોટા ભાગના અધિવેશનોમાં એમની દોરવણી ખૂબ કીમતી હતી. જૈન બાળક અને બાળકીમાં ધાર્મિક અભ્યાસ અને સંસ્કારનો કઇ રીતે ફેલાવો કરી શકાય, અને ભાવિ પ્રજા જૈન ધર્મને પૂરેપૂરી વફાદાર રહે તે માટે કોન્ફરન્સના દરેક અધિવેશનોમાં તેમના તરફથી ઠરાવો સચોટ રીતે રજૂ થતા, અને યોગ્ય કાર્યવાહી કરવા ભાર મૂકતા. ફાલના અધિવેશનમાં ઐકયતા માટે જે બે ઠરાવો પાસ થયા, તે માટે જો સ્વ. કુંવરજીભાઇ હયાત હોત તો સૌથી વધુ આનંદ, મારી સમજ મુજબ, તેમને થાત, કારણ કે તેમનું આખું જીવન રચનાત્મક કાર્ય તરફ જ ઢળેલું હોઇ, કોન્ફરન્સ જેવી મહાન્ અને સર્વોપરી થવાને સર્જાયેલ સંસ્થા નિષ્ક્રિય ન બેસી રહે અને યોગ્ય માર્ગ કાઢે તે જોવાની વધુ ઉત્કંઠા તેમના જેવામાં હોય તે સ્વાભાવિક છે.

ફાલના અધિવેશનના આ બે ઐતિહાસિક ઠરાવો પસાર થવાથી કોન્ફરન્સ ઉપર જાદુઇ અસર થઇ છે. આજે કોન્ફરન્સની સંસ્થા ઉપર જરા પણ ટીકા કરવાની કોઇ જવાબદાર વ્યક્તિની હીંમત રહી નથી. અને તેના કાર્યકરો ખૂબ ઉત્સાહભેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખા દેશમાં જુદે જુદે સ્થળે પ્રચાર અર્થે જઇ જૈન જનતાનો કોન્ફરન્સ સાથે સંપર્ક સાધી રહ્યા છે, અને તેમાં પૂરેપૂરી સહાનુભૂતિ મળે છે.

મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે ફાલના અધિવેશને બહુ અગત્યનો ઠરાવ પસાર કરેલ. એ ઠરાવમાં મધ્યમ વર્ગના ઉત્કર્ષની લાંબા ગાળાની યોજના હતી. અધિવેશન બાદ આ લાંબા ગાળાની યોજનાઓ માટે ખૂબ વિચારણાઓ થઇ, અને છેવટે એમ નક્કી થયું કે હાલ તુરત ટૂંકા ગાળાની યોજનાથી કાર્ય હાથ ધરવું. આ માટે યોજનાઓ ઘડવા એક નાની કમીટી નીમવામાં આવી, અને તેનો રિપોર્ટ થતાં જ તેને અમલી બનાવવા પ્રયત્નો શરૂ કર્યા. મને જણાવતાં હર્ષ થાય છે કે લગભગ પંદરેક સ્થળોએ આ યોજના અનુસાર કાર્ય શરૂ કરવાનો કોન્ફરન્સ તરફથી આદેશ અપાઇ ચૂકયો છે. કોન્ફરન્સ છેલ્લાં કેટલાંક વર્ષથી સમાજના આંતરવિગ્રહના કલેશથી એવી તો નબળી પડી ગઇ હતી કે તેને સંપૂર્ણ તન્દુરસ્ત થતાં એકાદ વર્ષ લાગશે, જ્યારે તેના દરેક કાર્યોને ખૂબ વેગ મળશે.

આપણે એવા ક્રાંતિકાળમાંથી પસાર થઈએ છીએ કે જયારે આખા સમાજનો અવાજ રજૂ કરતી અને સમાજને સંગઠિત કરતી કોન્ફરન્સ જેવી સંસ્થા વિના ઘડીભર પણ ચાલે નહી. મ્હારી જૈન જનતાને નમ્રભાવે અપીલ છે કે કોન્ફરન્સને જૈન સમાજની સર્વોપરી સંસ્થા તરીકે અપનાવે, તેના નેતૃત્વ નીચે દરેક જુદા જુદા વિચારો ધરાવતો વર્ગ સહકાર સાધે, અને ઇંગ્લંડની પ્રજા પોતાના કટોકટીના કાળમાં જેમ એકત્ર થઇ એક જ સૂર કાઢે છે, તેમ આ ક્રાંતિકાળમાં આપણે સર્વે એકત્ર થઇ આપણી આ મહાસભાને એક જીવંત, પ્રાણવાન, નિયમબદ્ધ અને જાજ્વલ્યમાન સંસ્થા બનાવીએ. કોન્ફરન્સ જેટલા અંશે નબળી પડે તેટલા અંશે જૈન સમાજ પાછળ પડતો જાય છે, તેમ મારું બહુ સમજપૂર્વકનું માનવું છે. આ એક જ એવી સંસ્થા છે કે જેના પ્લેટફોર્મ ઉપર ભેગા થતાં, ભગવાન મહાવીરના આપણે બાળકો છીએ, તેવી વિશાળ ભાવના આપણામાં ઉત્પન્ન થાય છે. જૈનધર્મની ખરી વિશાળતા આપણે આ સંસ્થાના પ્લેટફોર્મ ઉપર દાખવી શકીએ તેમ છીએ. સ્વધર્મી બંધુઓ તરફ વિશાળ ભાવથી ખરું વાત્સલ્ય આ એક જ સંસ્થાદ્વારા આપણે વિકસાવી શકીએ તેમ છીએ.

કોન્ફરન્સને નિભાવવાનો ભાર મુખ્યત્વે છેલ્લાં કેટલાંક વર્ષોથી મુંબઇની જૈન જનતા ઉપર રહેલ છે. મુંબઇની જૈન જનતા તેને નિભાવવાનો દરેક ખર્ચ જો કે પૂરો પાડી શકે તેમ છે, પણ આ વખતે અમોએ નિશ્ચય કર્યો છે કે આપણી આ મહાસભાના નિભાવ ખર્ચ અર્થે આખા દેશની જૈન જનતાને અપીલ કરવી, કારણ કે સમગ્ર જૈન સમાજનો તેમાં જેટલે અંશે પ્રાણ રેડાય તેટલા અંશે સંસ્થા વધુ મજબૂત અને પ્રાણવાન થાય. અને જ્યારે આ સ્થિતિ આપણે પ્રાપ્ત કરી શકીશું ત્યારે જ મધ્યમ વર્ગની લાંબા ગાળાની યોજનાઓ હાથ ધરવાની સંસ્થાના કાર્યકરોને પ્રેરણા મળી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે આપણી પોતાની સરકાર પણ ગમે તેટલી યોજનાઓ ઘડે, તો પણ તેને અમલ કરી શકતી નથી, તો આપણી પાસે તો કોઇ સત્તા નથી, અને શ્રીમંત વર્ગે પોતાની ભવિષ્યની ચિંતાને લીધે દાનની ભાવનાને છેક જ સંકડાવી દીધી છે, તેવા સંયોગોમાં આખા સમાજનું કોઈ મોટું કાર્ય હાથ ધરવું કેટલું મુશ્કેલ હોય તે સમજી શકાય તેવી હકીકત છે; છતાં મને શ્રદ્ધા છે કે આખા સમાજની નજર જ્યારે કોન્ફરન્સ ઉપર સાચા હ્રદયથી પડશે ત્યારે ગમે તેવા મહાન કાર્યોને આપણે નાના બનાવી શકીશું. ફાલના અધિવેશન પછી અમને એટલું તો દેખાવા માંડયું છે કે કોન્ફરન્સ પોતાની સાચી સ્થિતિને પ્રાપ્ત કરવા તરફ દોડી રહી છે.

હવે હું મારું વક્તવ્ય પૂરું કરું તે પહેલાં જૈન સાહિત્યની અવિશ્રાંત સેવા કરનાર ભાવનગરની બે સભાઓને અભિનંદન ન આપું તો આ સમારંભ અધૂરો ગણાય.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને આત્માનંદ જૈન સભા આ બે સમાજની પરમ ઉપકારી સંસ્થાઓ જૈનધર્મ અને સાહિત્યની જે મહાન સેવા કરી રહી છે તે માટે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલાં ઓછાં છે. મેં ઉપર સૂચવેલ વિદ્યાપીઠના આપણી ધારણા મુજબના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરી શકીએ તો જૈન સાહિત્ય અને ધર્મની આ સંસ્થાઓ જે સેવા અર્પી રહી છે તેમાં ખૂબ વેગ મળી શકે. આવી સંસ્થાઓ પગભર રહે, અને તેના સંચાલકોનો ઉત્સાહ એક સરખો જારી રહે, તેનો વિચાર આખા સમાજે પોતાની ફરજ તરીકે કરવો જોઇએ. આવી સંસ્થાઓ આપણે ત્યાં આંગળીને ટેરવે ગણી શકાય એટલી જ છે. તે માટે ભાવનગરનો જૈન સંઘ ખરેખર ગર્વ લઇ શકે છે.

આ ગર્વમાં વધુ ઉમેરો કરવાનું મને મન થાય છે. આ યુગને બરાબર પીછાણી સમાજને યોગ્ય દોરવણી મળે તેવું એક "જૈન" સાપ્તાહિક પણ ભાવનગર શહેરમાંથી જ આખા સમાજને મળે છે. મારે વિના સંકોચે કહેવું જોઇએ કે જૈન પત્ર સમાજને યોગ્ય દોરવણી અને ખરી સેવા અર્પી રહ્યું છે.

મધ્યમ વર્ગ માટે અત્રેના શ્રી સંઘે યોજના ઘડી જે કાર્ય હાથ ધર્યું છે, તે માટે કોન્ફરન્સ તરફથી આપને મુબારકબાદી આપું છું. અત્રેના શ્રી સંઘનું અનુકરણ કરી દરેક શહેર જો પોતાની બનતી જવાબદારી વહોરી લે તો કોન્ફરન્સનું ઘણું કાર્ય પાર પડેલું ગણાય.

આપણા પૂજ્ય મુનિ મહારાજાઓ પોતાના વ્યાખ્યાન દરમ્યાન, સાત ક્ષેત્રના આ બે પ્રાણવાયુ જેવા ક્ષેત્ર ઉપર થોડાંક જ વર્ષ મુખ્ય ભાર મૂકતા રહે તો, આ મુશ્કેલ કાર્ય ઘણા અંશે સહેલું થાય.

છેવટમાં સ્વ. શેઠ કુંવરજીભાઈ જેવા મહાન શ્રાવકની પ્રતિમાને ખુલ્લી મૂકવાનું માનભર્યું કાર્ય મને સોંપવા માટે હું ફરી એક વખત શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સંચાલકોનો આભાર માનું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઈને શ્રદ્ધાંજલિ

[ આરસ-પ્રતિમાના અનાવરણ ઉત્સવ પ્રસંગે આવેલ સંદેશાઓ ]

સ્વ. શેઠ શ્રી કુંવરજીભાઈ આણંદજીની આરસપ્રતિમાની અનાવરણ વિધિ મુંબઈ-નિવાસી શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલના હાથે થવાનું આમંત્રણ અમને મળ્યું છે. શેઠશ્રી કુંવરજીભાઈ ભાવનગરના શહેરીઓમાં એક અગ્રગણ્ય હતા. ભાવનગરના શ્રી જૈન સંઘના અગ્રેસર હતા. તેમનો પરિચય અમને લાંબા વખતનો હતો. તેઓ રાજ્ય અને પ્રજાનો ઘણો ચાહ ધરાવતા હતા. ભાવનગરની દરેક શુભ પ્રવૃત્તિઓમાં તેમનો હંમેશ સાથ હતો. દુષ્કાળ જેવા વિકટ પ્રસંગોમાં તેમણે પશુઓ અને માનવીઓની તન, મન અને ધનથી સેવા કરી હતી. જૈનધર્મના અજોડ અભ્યાસી હતા. તેમના હાથથી ઘણા પુસ્તકો પ્રગટ થયા છે. આવા ધર્મપ્રેમી, રાજ્ય-પ્રજાભક્ત શ્રી કુંવરજીભાઈની આરસપ્રતિમા સ્થાપવામાં આવે છે તે જાણી અમોને અત્યંત હર્ષ થાય છે. આ શુભ કાર્ય માટે કાર્યકર્તાઓ અભિનંદનને પાત્ર છે.

શ્રી વિજયાબા
મહારાણી સાહેબ, ભાવનગર.

સ્વ. કુંવરજીભાઈની સાથે મારા સદ્‌ગત પિતાશ્રીનો સ્નેહસંબંધ હતો.

બન્નેને એક બીજા માટે ઘણું માન હતું. અને મારી સાથે પણ કુંવરજીભાઈએ એવો સંબંધ રાખ્યો હતો. કુંવરજીભાઈ રાજ્ય અને પ્રજાના ભક્ત હતા. એવા એક ધર્મિષ્ઠ ગૃહસ્થની આરસની પ્રતિમા તમે શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં મૂકવાના છો તે જાણી મને આનંદ થયો છે. આ મેળાવડાની ફત્તેહ ઇચ્છું છું.

શ્રી અનંતરાય પ્રભાશંકર પટ્ટણી, ભાવનગર.

સ્વ. શ્રી કુંવરજીભાઈએ જૈન સમાજની જે સુંદર સેવા કરી છે, તે આપણા જૈન સમાજને પ્રેરણાદાયી નીવડશે એવી મારી માન્યતા છે.

શેઠ કસ્તુરભાઈ લાલભાઈ-અમદાવાદ.

સ્વ. શેઠ કુંવરજીભાઈ જેવા ધર્મચૂસ્ત વિદ્વાન્ વ્યક્તિના સ્મરણચિહ્ન તરીકે તેઓશ્રીની આરસ-પ્રતિમા ખુલ્લી મૂકવાનો પ્રસંગ યોજેલ છે, તેમાં મારા અભિનંદન સાથે આવા પુરુષો માટે જે કાંઈ કરવામાં આવે તે યોગ્ય અને ભાવીની પ્રજાને દાખલારૂપ બને.

રાવબહાદુર શેઠ જીવતલાલ પ્રતાપશી-પાલીતાણા.

આ માનને તેઓ સર્વ પ્રકારે લાયક છે. એમની યાદ આપણા દિલમાં તાજી રાખવા માટે અને આપણને એમના પવિત્ર ચરિત્ર ધર્મપરાયણતા અને વિશેષે કરીને શ્રી જૈન ધર્મ પ્રસારક સભાને આટલી ઊંચી કક્ષાએ પહોંચાડવાની ધગશ યાદ કરીને આપણે તેમાંથી કાંઈક પ્રેરણા મેળવી શકીએ તેટલા માટે આ ખાસ જરૂરતું છે.

શ્રી સુરચંદભાઈ પુરુષોત્તમદાસ બદામી-મુંબઈ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળાવડાની દરેક પ્રકારે ફતેહ ઇચ્છું છું.

**શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા-મુંબઈ.**

આ મેળાવડા પ્રસંગે મારા અભિનંદન પાઠવું છું.

**શ્રી મોહનલાલ તારાચંદ-મુંબઇ.**

આ સુખદ ઉત્સવની દરેક પ્રકારે સફળતા ઇચ્છું છું.

**શ્રી માણેકલાલ ચુનીલાલ-મુંબઇ.**

શ્રી કુંવરજીભાઇના નામને યોગ્ય આ સ્મારક-સમારંભની હું સફળતા ઇચ્છું છું.

**શ્રી મેઘજી સોજપાલ-મુંબઇ.**

શ્રી કુંવરજીભાઇની આરસ-પ્રતિમાના અનાવરણ ઉત્સવની સંપૂર્ણ પ્રકારે સફળતા ઇચ્છું છું.

**શ્રી ખીમજીભાઈ તેજુ કાયા-મુંબઈ.**

આ શુભ પ્રસંગ આનંદથી ઉજવશો.

**શ્રી હીરાલાલ અમૃતલાલ-મુંબઈ.**

શ્રીયુત કુંવરજીભાઇ ધાર્મિક જીવનની જીવંત મૂર્તિ હતા, માનવદેહરૂપી દર્પણમાં ઝીલાયેલા ગૃહસ્થજીવનની પ્રતિમૂર્તિરૂપ હતા. તેમનું જ્ઞાન-ધન વિશાળ અને અન્યને ચેતનાપ્રદ હતું.

**શ્રી ફતેચંદ ઝવેરભાઈ-મુંબઇ.**

પ્રસંગની ફત્તેહ ઇચ્છું છું. તેમના યોગ્ય સ્મારક માટે ખુશી થયો છું. કુંવરજીભાઇની સેવા અમૂલ્ય છે.

**શ્રી પ્રસન્નમુખ સુરચંદભાઇ બદામી-મુંબઈ**

સ્વ. શ્રી કુંવરજીભાઇ આધુનિક યુગના એક મહાન જૈન હતા.

**શ્રી કકલભાઈ ભુદરભાઇ વકીલ-મુંબઇ.**

પૂ. કુંવરજી કાકા તો એક આદર્શ પરાયણ જૈન તરીકે ધન્ય બની ગયા છે જિંદગીના છેલ્લા શ્વાસ લગી, માત્ર ઘરસંસારની જંજાલમાં જ અટવાઈ રહેનારાઓ માટે શ્રી કુંવરજી કાકાનું જીવન પુરુષાર્થી અને સેવાની પ્રેરણા આપે તેવું છે.

**રતિલાલ દીપચંદ દેસાઇ-અમદાવાદ.**

તેઓશ્રી જૈન સમાજના પ્રખર સાક્ષર અને સાહિત્યરત્ન હતા. ગૃહસ્થ હોવા છતાં સાધુચરિત જીવન હતું. જૈન તત્ત્વજ્ઞાનના અખંડ અભ્યાસી અને વિચારશીલ નરરત્ન હતા.

**ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી**

પત્રિકા વાંચી, ખૂબ આનંદ અનુભવ્યો. કાર્યવાહી ઘણી જ ઉચિત છે. જે જે વ્યક્તિઓ સ્વ. કુંવરજીભાઇના સંપર્કમાં આવી છે તે તે વ્યક્તિઓ આજે પણ કુંવરજીભાઇને દેશવિરતિધર પરમ શ્રાવક તરીકે સંભારે છે તેમાંનો મારો એક નંબર છે. સ્વ. કુંવરજીભાઇની ખોટ માત્ર ભાવનગરને નહિ પરંતુ સમસ્ત જૈન કોમને ન પૂરી શકાય તેવી છે.

**શ્રી મણિલાલ વનમાળીદાસ શેઠ-કલકત્તા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું જ્યારે ભાવનગર આવતો ત્યારે સમય પ્રમાણે બંધુ કુંવરજીભાઈની મુલાકાત મેળવી શકતો. અને સત્સંગ સાથે જ્ઞાનચર્ચા થતી. મને તેઓ ધર્મ સાથે કર્મયોગી જણાતા.

**શ્રી લલ્લુભાઈ કરમચંદ-મુંબઈ.**

સ્વ. શેઠ કુંવરજીભાઈએ જીવનભર એકધારી સેવા જૈન ધર્મ, સમાજ, સાહિત્યની સાથે મુંગા પ્રાણીની કરેલ છે તે સૌરાષ્ટ્ર કદી વિસરી શકશે નહિ.

**શ્રી ભગવાનદાસ હરખચંદ-મુંબઈ.**

શ્રીમાન્ કુંવરજીભાઈ જૈન ધર્મના કોષ સદશ હતા એમ કહીયે તો ચાલે. ગમે તે ગુંચવણ માટે શ્રી કુંવરજીભાઈ સિદ્ધહસ્ત ખુલાસો આપનારા હતા.

**શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"-માલેગામ**

સ્વ. શ્રી કુંવરજીભાઈએ જૈન સમાજની અમૂલ્ય સેવા બજાવી છે. એઓ આપણા જૈન ધર્મના સ્થંભરૂપ હતા. **શ્રી રવજી સોજપાળ-મુંબઈ.**

મુરબ્બી સ્વ. કુંવરજી કાકાનું જીવન આદર્શ, જૈન ધર્મના સિદ્ધાંતોનું પ્રતિક અને સમસ્ત જૈન સમાજને ગૌરવ લેવા જેવું અને અનુકરણીય હતું. સ્વ. શ્રી કુંવરજી કાકાની સેવા અનુકરણીય હતી. વ્યવહારકુશળતા હતી અને જૈન સંઘનું નાયકપણું અને જે વારસો તેઓ સોંપી ગયા છે તે ફરજો બજાવવા ભાવી વારસદારોને બળ-બુદ્ધિ-શક્તિ અર્પો તે જ ભાવના. **શ્રી છોટાલાલ ગિરધરલાલ શાહ-મુંબઈ.**

તેમનું જીવન ઘણું ઉચ્ચ કોટીનું હતું. પાંજરાપોળ, સમાજસેવા અને શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની સેવા તે જ તેમનું જીવનધ્યેય હતું. તેઓ સંસારમાં રહ્યા છતાં વિરક્ત સાધુજીવન ગાળતા હતા. તેમના જીવનમાંથી એ ગ્રહણ કરવાનું રહે છે કે-ધર્મનું સાચું રહસ્ય સમજવું, તેને જીવનમાં ઉતારવું અને કશી આર્થિક અપેક્ષા સિવાય સમાજની અને જીવ માત્રની સેવા કરવી. **અમૃતલાલ જીવરાજ દોશી.**

તથા **કુંવરજીભાઇના પુત્રી જશકોરબ્હેન-મુંબઇ.**

સદ્‌ગતશ્રીમાં મૂર્તિમંત થયેલ ધર્મરુચી, શ્રુતોપાસના અને સમાજસેવા ચિરસ્મરણીય રહી ભાવી પ્રજાને પ્રેરણાદાયી થઇ પડશે.

**શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા-મુંબઇ.**

ઉત્સવની સંપૂર્ણ પ્રકારે સફળતા ઇચ્છું છું.

**શ્રી પન્નાલાલ ઉમાભાઇ-અમદાવાદ.**

આ સમારંભ પ્રસંગે મારો અંતઃકરણપૂર્વકનો ટેકો છે. જૈનધર્મ અને પાંજરાપોળની કુંવરજીભાઇએ અપ્રતિમ સેવા કરી છે. **શ્રી મગનલાલ હરજીવન-અમદાવાદ.**

આ ઉત્સવની સર્વ પ્રકારે સફળતા ઇચ્છું છું.

**શેઠ પુંજાભાઇ દીપચંદ-અમદાવાદ.**

મેળાવડાની સંપૂર્ણ સફળતા ઇચ્છું છું. **શ્રી રતિલાલ વર્ધમાન શાહ-સુરેન્દ્રનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુંવરજીભાઇ માટે સભા જેટલું કરે તેટલું ઓછું છે, મહુંમે સભાની સેવા ઘણી જ અવર્ણનીય બજાવી છે. સ્વ. કુંવરજીભાઇ જેવી વિચાર અને આચાર બન્નેમાં સુંદર અને ધર્મી જીવન જીવનાર વ્યક્તિઓ આપણા શ્રાવક સમુદાયમાં બહુ જ ઓછી એટલે કે આંગળીના ટેરવે ગણાય એટલી માલૂમ પડે છે. અને તે રીતે તેમનું સ્થાન ઘણું જ ઊંચું હતું.

**શ્રી છોટાલાલ ત્રિકમલાલ- અમદાવાદ.**

સ્વ. શેઠશ્રી કુંવરજીભાઇએ જૈન સમાજ અને સાહિત્યની જે અમૂલ્ય અને નિસ્વાર્થ-પણે સેવા કરી છે તેનાથી કોણ અજ્ઞાન છે ?

**શ્રી ભોગીલાલ છગનલાલ-ઉંઝા.**

આપણા હૃદયના વિકાસમાં આ મહાન આત્માનો ન્યૂનાધિક વારસો છે. વારસદાર એ વારસાને ભૂલે ખરો કે ? **શ્રી મગનલાલ મોતીચંદ શાહ-સુરેન્દ્રનગર.**

સ્વ. શેઠ શ્રી કુંવરજીભાઇની આરસ પ્રતિમાની અનાવરણ વિધિ શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલના શુભ હસ્તે થવાની છે તે જાણી ઘણો જ આનંદ થયો છે.

**પારી નરોતમદાસ શકરાભાઇ-અમદાવાદ**

આપણા સમાજમાં તેઓશ્રી જેવા સદ્ગુણી વિચારશીલ ધર્મિષ્ઠ પુરુષની ખોટ આપણને હંમેશને માટે સાલશે. **શાહ માણેકચંદ પોપટલાલ-થાનગઢ**

સ્વ. કુંવરજીભાઇએ જૈનધર્મ પ્રસારક સભાદ્વારા ધર્મની, સમાજની અને સાહિત્યની અપૂર્વ સેવા જીવનપર્યંત કરી છે. એ અમર આત્મા સ્વદેહે સાક્ષાત્ સામે વિદ્યમાન હોય એવો ખ્યાલ એમની પ્રતિમા જોતાં થશે અને એ પ્રતિમા સદ્ગતની સદ્ગુણભરી વિશિષ્ટ સેવાઓનું સ્મરણ કરાવશે. તથા અનેક યોગ્ય આત્માઓને ઉચ્ચ પ્રકારની પ્રેરણાઓ આપશે.

**પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી-વડોદરા**

उन पूज्य के प्रति हार्दिक श्रद्धांजलि समर्पित करता हुआ इस महोत्सव की सफलता चाहता हुं। **राजमल भंडारी-आगर ( माळवा )**

श्री जैन धर्म सभा के मुकुटमणी स्थंभ को पुनः इस सेवक की वंदना ।

**सुरजमल हीगड 'चेतक'-सुनैल**

નીચેના સદ્ગૃહસ્થોએ મેળાવડાની સફળતા ઇચ્છતા સંદેશાઓ મોકલ્યા હતા.

સંઘવી કેશવલાલ લાડકચંદ-કડી, શ્રી વાડીલાલ મનસુખરામ-અમદાવાદ, શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર-પાદરા, શેઠ વૃજલાલ ભગવાનદાસ-ભાવનગર, શ્રી મણિલાલ ખુશાલચંદ-પાલનપુર, શ્રી વીરચંદ પાનાચંદ શાહ-વીરનગર, શ્રી ફુલચંદ હરિચંદ દોશી-પાલીતાણા, શ્રી ચતુરદાસ ઘેલાભાઇ-રાજકોટ, શ્રી ગિરધરલાલ હીરાચંદ-ગોધરા, શ્રી પોપટલાલ સાકરચંદ માસ્તર-અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુશ્રી મહાવીરસ્વામી અને દેવો.

( લેખકઃ—મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી મહારાજ. )

આષાઢ માસની શુદિ ૬ ને દિવસે ચરમતીર્થંકર શ્રી મહાવીરસ્વામીજીનો જીવ બારમા દેવલોકના પુષ્પોત્તરવિમાનથી ચ્યવીને બ્રાહ્મણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો.

આ પ્રસંગને શાસ્ત્રમાં ચ્યવનકલ્યાણ કહેવામાં આવે છે. દરેક તીર્થંકર પરમાત્માના પાંચ કલ્યાણકો હોય છે. પ્રત્યેક કલ્યાણક પ્રસંગે દેવોની હાજરીનો ઉલ્લેખ તે તે પ્રસંગને વર્ણવતા શાસ્ત્રગ્રન્થોમાં આવે છે.

ઉપરોક્ત ચ્યવન કલ્યાણકના પ્રસંગે પણ સૌધર્મદેવલોક કે જે વૈમાનિક દેવલોકમાં પ્રથમ છે, તે દેવલોકના અધિપતિ જે સૌધર્મેન્દ્ર નામે પ્રસિદ્ધ છે તેમનું સિંહાસન ચલાયમાન થાય છે. ઇન્દ્રમહારાજા સિંહાસનથી ઊઠે છે, સાત આઠ ડગલાં જે દિશામાં જિનવર ઉત્પન્ન થયા હોય છે તે દિશા સન્મુખ જાય છે ને પછી ગોઠણભર બેસીને શક્રસ્તવ ( નમુત્થુણં સ્તોત્ર ) ઉચ્ચરે છે.

ચ્યવન સમયે જિનવરની માતા ચૌદ સ્વપ્ન જોવે છે તેનો ફલાદેશ કહેવા ઇન્દ્રો આવે છે.

* * *

ઉપર જણાવ્યા પ્રમાણે ચ્યવન કલ્યાણકના પ્રસંગમાં ઇન્દ્રો અને દેવોનો સંબન્ધ છે.

કેટલાએક કેવળ તર્કના એક જ ચક્રથી ગતિ કરનારા જિનચરિતમાં આવતા દેવપ્રસંગોનો સર્વથા અપલાપ કરે છે.

જો તેઓના કહેવા પ્રમાણે જિનચરિતમાં દેવતાઓના પ્રસંગો મિથ્યા માનવામાં આવે તો વિચારધારા એક પછી એક પગથિયું નીચે ઉતરે અને આખર અશ્રદ્ધાના ખાડામાં ગબડી પડે.

સૌથી પ્રથમ પ્રભુશ્રી મહાવીરસ્વામીજી પુષ્પોત્તરથી અવતર્યા એ શું ? દેવલોક છે કે નહિં ? છે તો કયાં છે ? કેવા રૂપમાં છે ? કેટલા છે ? વગેરે પ્રશ્નો ઉઠે છે.

દેવલોક છે. દેવો છે. તે ચાર પ્રકારના છે. ભવનપતિ, વ્યન્તર જ્યોતિષ્ક અને વૈમાનિક. વૈમાનિક બે પ્રકારના છે, કલ્પોપન્ન અને કલ્પાતીત. કલ્પોપન્નના બાર ભેદ છે. કલ્પાતીત, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર એમ ચૌદ પ્રકારે છે. દેવોના નિવાસો અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક એમ ત્રણે લોકમાં આવ્યા છે. ઇત્યાદિ દેવતત્ત્વ સ્વીકારવામાં વ્યાપક અને પ્રબળ પ્રમાણ કોઇ પણ હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તે આગમપ્રમાણ જ છે. તે આગમપ્રમાણને પુષ્ટિ આપનારા અનુમાન-પ્રમાણ અને પ્રત્યક્ષ-પ્રમાણ છે.

જિનવરોની સાથે દેવોના સંબન્ધને નહિ માનનારા દેવતત્ત્વને જ સ્વીકારતા નથી. એટલે તેઓ દેવતત્ત્વને સમજાવનારા શાસ્ત્રોને પ્રમાણભૂત માનતા નથી.

દેવતત્ત્વના અપલાપ સાથે જન્માન્તરની વિચારણામાં પણ તેઓ અશ્રદ્ધા ધરાવે છે.

પુણ્યપાપ વગેરે નથી, ન હોઈ શકે, એમ પણ તેમનાં હૃદયમાં ઊંડે ઊંડે હોય છે.

છેવટ આ દેખાતી દુનીયા અને દેખાતું જીવન એ સિવાય કાંઈ નથી એ વિચારબીજ સર્વનું મૂલભૂત બને છે.

આત્મા, પુણ્ય, પાપ, પરભવ, દેવ, નારક, મોક્ષ ઇત્યાદિ જે મુખ્યત્વે આગમ પ્રમાણથી માન્ય છે, તેને નહિ સ્વીકારનારને દર્શનશાસ્ત્રમાં 'નાસ્તિક' નામે ઓળખાવ્યા છે.

એટલે જિનચરિતમાંથી દેવતાના વિચારને દૂર કરતાં ધીરે ધીરે 'નાસ્તિક મત'ની ગર્તામાં ગબડ્યા સિવાય છૂટકો થતો નથી.

* * *

- આસ્તિક વિચારક બે પ્રકારના હોય છે. એક કેવળ શ્રદ્ધાના ચક્રે ચાલનારા અને બીજા શ્રદ્ધાચક્ર સાથે બુદ્ધિચક્રને જોડી આગળ વધનારા.

- તેમાં કેવળ શ્રદ્ધાપ્રધાન જે છે તેઓ કોઈ કોઇ સમયે પ્રગતિ પણ સાધે છે તો કોઇ કોઈ સમય પાછળ-અતિશય પાછળ પડી જાય છે. જ્યારે બીજા કે જેઓ શ્રદ્ધા અને બુદ્ધિ એ બન્નેને આગળ કરી આગળ વધે છે તેઓ સતત આગળ વધ્યા જ કરે છે.

જિનચરિત અને દેવોના સંબન્ધમાં તેઓ કહે છે કે-જે શાસ્ત્રને તમે માનો છો તે શાસ્ત્રના રચનારા ઉપર તમને વિશ્વાસ છે કે નહિં.

- पुरुषविश्वासे वचनविश्वासः । એ સિદ્ધાન્ત પ્રમાણે શાસ્ત્રના કર્તાપુરુષ ઉપર સૌથી પ્રથમ વિશ્વાસ આવશ્યક છે.

- જો શાસ્ત્રના રચયિતા રાગદ્વેષ અને અજ્ઞાનથી રહિત છે એ ચોક્કસ થઈ જાય તો તે શાસ્ત્ર ઉપર અવિશ્વાસ રાખવાને કંઇ પણ કારણ નથી.

સર્વત્ર અવિશ્વસનીય વચનવ્યવહારના મૂળમાં રાગ, દ્વેષ અને અજ્ઞાન બીજરૂપે રહ્યા હોય છે. બીજ સિવાય છોડ ન થાય, કારણ વગર કાર્ય ન સંભવે એ જ રીતે રાગદ્વેષ અને અજ્ઞાન ન હોય તો અવિશ્વસનીય વ્યવહાર પણ ન જ હોય.

* * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે આગમ ગ્રન્થો જૈનદર્શનમાં પ્રચલિત છે એ આગમના ઉપદેશક તીર્થંકરો છે. તેઓ રાગદ્વેષ અને અજ્ઞાનથી સર્વથા વિમુક્ત હોય છે એ વાત સર્વથા સત્ય છે અને તર્કસિદ્ધ છે.

તર્કબળે ઝૂઝનારા ઉપરની હકીકતને વિવાદ ખાતર કે લાંબો વિવાદ ન કરવા ખાતર સ્વીકારીને એમ કહે છે કે—

માની લ્યો કે રાગદ્વેષ અને અજ્ઞાન રહિત તીર્થંકરોએ આગમ ઉપદેશ્યા છે પણ અત્યારે આપણી સમક્ષ જે આગમાદિ ગ્રન્થો છે તે તે જ પ્રમાણે આવ્યા છે. તેમાં વધારોઘટાડો નથી થયો તેની શું ખાત્રી? જો વધારોઘટાડો થયો છે તો તે કરનારા કોણ? જેના હાથે તે વધારો ઘટાડો થયો છે તે રાગદ્વેષ અજ્ઞાનયુક્ત હતાં કે નહિં? હતા તો તેમના સુધારાવધારાને વિશ્વસનીય કેમ મનાય? માટે જિનચરિત અને દેવોના સંબન્ધની જે જે વાતો સંભળાય છે તે સર્વ જિનકથિત આગમની નથી પણ પાછળથી ઉમેરાએલી છે, એટલે અવિશ્વસનીય છે.

કેવળ બુદ્ધિવાદીઓ એ પ્રમાણે જ્યારે પાઠાફેર વાત કહે છે ત્યારે શ્રદ્ધા અને બુદ્ધિપ્રધાન પુરુષો તેમને કહે છે કે—

જિનકથિત આગમોમાં ફેરફાર કરવાનો કોઇને પણ અધિકાર નથી. તેમાં જરી પણ પરિવર્તન કરનારને મહાન્ દોષિત કહ્યા છે, અને એવા દોષો અંગે અતિ દુષ્કર પ્રાયશ્ચિત્ત વિધાનો પણ જણાવ્યા છે. જે સંઘને ખૂદ જિનવરો પણ નમે છે તે સંઘ વર્ત્તમાનમાં વિદ્યમાન છે. અવિચ્છિન્ન પરંપરા ચાલુ છે. પાંચમા આરાના અંત સુધી તે પરંપરા અખંડિત રહેવાની છે.

કદાચ કોઈ સ્વાર્થસાધુ જિનવરકથિત આગમમાં ફેરફાર કરે તો સંઘ તે નભાવી લે નહિં, એ પ્રમાણે નહિં નભાવી લેવાના અનેક પ્રસંગો બન્યા છે. તેમ કરનારને સંઘે દૂર કર્યાના અનેક પ્રસંગો નોંધાયા છે.

આગમ ગ્રન્થોને વફાદાર રહી અનેક પ્રકરણાદિ ગ્રન્થો પછીના મહાપુરુષોએ રચ્યા છે તે પણ કેવળ શિષ્યહિતબુદ્ધિને માટે. તેમાં રાગદ્વેષાદિના મિશ્રણો ન થાય એનો પૂરતો ખ્યાલ રાખીને એટલે તે તે મહાપુરુષોના ગ્રન્થો પણ સંઘે માન્ય રાખ્યા છે. જ્યાં જ્યાં અભિનિવેશ અને રાગદ્વેષાદિનું મિશ્રણ થયું છે તે તે ગ્રન્થોને સંઘે અપ્રમાણ ઠરાવ્યા છે

સંઘ સમુદ્ર કદી પણ મિથ્યા વિચારના મુડદાઓને સંઘરતો નથી. તે તો તેવા મુડદાઓને બહાર કાઢીને ફેંકી દે છે.

જિનચરિત સાથે જોડાએલી દેવ સંબંધી હકીકતો તીર્થમાન્ય ન હોત તો તે હકીકતોને જણાવનારા ગ્રન્થોને અને તે તે ગ્રન્થના કર્તાઓને સંઘે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપ્રમાણ કહી પોતાથી દૂર કર્યો હોત. પણ વર્તમાન સુધી એ પ્રમાણે બન્યું નથી માટે એ હકીકતો અને તે તે હકીકતોને જણાવતા ગ્રન્થો પ્રમાણભૂત છે તેમાં જરીપણ શંકાને સ્થાન નથી.

એ પ્રમાણભૂત છે એટલે તેની સામેની હકીકત સંઘને પ્રમાણભૂત નથી એ પણ ચોક્કસ છે, માટે જ સંઘે એવી હકીકતો અને એ હકીકતોના પુરસ્કર્તાઓને દૂર કર્યા છે. અર્થાત્ ચાલુ તીર્થવ્યવસ્થા અને તેમાં મનાતા ગ્રન્થો તે જિનવરકથિત આગમોને અવિરોધી છે એ નિર્વિવાદ છે. એટલે રાગદ્વેષના મિશ્રણોથી દેવોની હકીકતો પ્રવેશી છે એમ માનવું કે કહેવું તીર્થ અને તીર્થંકરની આજ્ઞાનો ભંગ છે.

શ્રદ્ધા અને બુદ્ધિ એમ બન્નેથી સ્વીકાર્ય દેવતત્ત્વ જિનચરિત સાથે સંબંધ રાખે છે એમ માનવામાં જ શ્રેય છે.

---

# श्रद्धेय कुंवरजीको हृदय-श्रद्धांजली

श्रद्धालु आनंद सम आदर्श श्रावक हो गये ॥
द्धेय रख परमार्थ का निजात्म उज्ज्वल कर गये ।
यत्ना से होता कार्य ऐसा प्रत्यक्ष यह बतला गये ॥
कुंतर्क करनेवालो का अज्ञान संशय दूर गये ।
वस्तुस्थिति समझाय कर प्रश्नों का उत्तर दे गये ॥
रह कर सदा समभाव से वह सब को प्रेमी बना गये ।
जीनधर्म को कर के हृदयंगम 'प्रकाश' में प्रकटा गये ॥
कोई भी आया पास उन से ज्ञानचर्चा कर गये ।
हृदय से आत्मवत् सब को समझ कर शुभकांक्षी हो गये ॥
दयासे ओतप्रोत होकर दया के क्षेत्र को अपना गये ।
यशस्वी जीवन बनाकर ज्ञानमय और धर्ममय ही हो गये ॥
श्रद्धा के ओ परमपात्र प्राण सभा के कहा गये ।
द्धारकर व्रत नियम नित्य साधुचरित से बन गये ॥
जंगम समझकर तीर्थमूर्ति कान्ति स्थापन कर गये ।
लीजे श्रद्धांजली स्वीकार राज नित्य प्रेरणा को दे गये ॥

राजमल भंडारी–आगर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંવત્સરીનું સ્વાગત.

( ભુજંગપ્રયાત )

નમો દેવિ ! સંવત્સરી જૈન માતે ! સ્મરું તાહરા પાદપદ્મો પ્રભાતે;
ભલે આવ તું માહરા આત્મદેશે, કરું તાહરી સ્વાગતા હું વિશેષે. ૧
છતા દોષ જે માહરા આત્મ સાથે, કરે દૂર તે તાહરા પ્રેમ હાથે;
ઘૃણા લોભ માત્સર્ય ઇર્ષ્યાદિ દોષો, અરે માત ! તું ટાળ એવા પ્રદેશો. ૨
અયિ ! બાળ હું તાહરો દોષપૂર્ણ, સ્વયં માત તું ખાસ વાત્સલ્યપૂર્ણ;
સ્મરી તાહરા પાદયુગ્મે નમીને, કરું પ્રાર્થના ટાળ દોષો ધસીને. ૩
કદી કોઇને દૂભવ્યા હોય માતે ! ક્ષમાયાચના હું કરું આત્મ સાથે;
ફરી હું કરું ના કદી દોષ એવા, ખરી ભાવના-જાગૃતિ આજ લેવા. ૪
કરું હું ક્ષમા કાય વાચા મનેથી, મન દૂભવ્યું કોઇએ હોય જેથી;
ખરો આત્મ આનંદ તેથી થયો છે, અહા દેવિ ! તારા પ્રસાદે લહ્યો છે. ૫
કૃપા તાહરી જો હશે એહવી જ, તરું હું ભવાબ્ધિ હરી મોહબીજ;
ફરી આવ તું નિત્ય હો સાથ તારો, ભલે દેવિ ! સંવત્સરી હેત ધારો. ૬
હવેથી થજો વિશ્વના જીવ સાથે, ખરી મૈત્રિની ભાવના સર્વ સાથે;
રહ્યો કોઇ વેરી ન મારો કદાપિ, બધા મિત્રબંધુ થયા આત્મસાથી. ૭
ગયા વેર ને સર્વ ખોટા વિરોધો, અહંભાવ ને સ્વાર્થ મિથ્યાત્વ બોધો;
ખરા આત્મભાવે સહુ જીવ દીઠા, દ્વિધા ભાવ માત્સર્ય તે સર્વ નાઠા. ૮
ક્ષમા દેવિ ! સંવત્સરીની કૃપાથી, થજો જૈન એકત્ર સદ્ભાવનાથી;
હરીને પ્રપંચો સહુ નિત્ય થાજો, ખરો વીર્યવાન્ એહ શ્રી સંઘ હોજો. ૯
ધરી બુદ્ધિ શ્રી વીર ધર્મોન્નતિની, અસદ્ભાવના દૂર હોજો મતીની;
કરું પ્રાર્થના દેવિ સંવત્સરીને, ફળો ભક્તિ બાલેન્દુને શ્રી વરીને. ૧૦

શ્રી બાલચંદ હીરાચંદ “ સાહિત્યચંદ્ર ”-માલેગામ.

---

**ક્ષમાપના.** ( રાગઃ–રાખના રમકડાંને રામે. )

ખામણા ખમાવતાં આજ ખામું, ભાવિત હૈયે રે;
જીવ માત્રની મૈત્રી સાધી, વેર ને ઝેર ખમાવું રે. ખામણા૦ ૧
પર્વ પજૂસણ રૂડાં દીપે, હરખ અમી નેન લાવે;
વણુ સહાગે આથડતાની, આતમ જ્યોત જગાવે રે. ખામણા૦ ૨
શ્રદ્ધા સહ સુરીલા તપ તેજે, જીવનપંથ અજવાળું;
જ્ઞાન-તરંગ જે ઝળહળનારાં, વિશ્વ વાત્સલ્ય અપનાવું રે. ખામણા૦ ૩
વેર ઝેરના વિષમય મૂળિયા, નિત નિત ઊંડા જાતાં;
ભાવઝરણુથી શમરસ પામી, પાપી પણ પિગળાતાં રે. ખામણા૦ ૪
દિવ્ય જીવન આરાધી જાણો, સમતા ધર્મપ્રભાવે;
ધર્મ યૌવન સૌરભ મહમહકે, જિતેન્દ્ર ખમતા શિખાવે રે. ખામણા૦ ૫

મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખામણાની સજઝાય

સંપા૦ ભોજક મોહનલાલ ગિરધર-પાટણ.

દેશી-ઝુમખડાની.

પંચ પરમેષ્ઠિ ધ્યાઈએ રે, ગુણ તેહના સંભારિ. કરો ભવિ ખામણા.
શિષ્ય સ્વામીને ખામણા રે, સાધ્વી પણ ગુણ ધાર. કરો૦ ભ૦ ૧
એ ગુણી જીવને ઉપરે રે, કીધો જેહ કષાય. કરો૦ ભ૦ ૨
ગુણ દ્વેષ મચ્છર ધર્યો રે, આ ભવ પરભવ જેહ. કરો૦ ભ૦ ૩
પાય લાગી ત્રિવિધે કરી રે, તાસ ખમાવું તેહ. કરો૦ ભ૦ ૪
ચોરાસી લાખ યોનિમાં રે, વસીયો વાર અનંત. કરો૦ ભ૦ ૫
વૈરવિરોધ કર્યા તિહાં રે, ખામું તે થઈ શાંત. કરો૦ ભ૦ ૬
સર્વ જીવ ખમજો તુમે રે, માહરો જે અપરાધ. કરો૦ ભ૦ ૭
મૈત્રી કરું સવી જીવશું રે, તરું સંસાર અગાધ. કરો૦ ભ૦ ૮
ખામણા જિમ જિમ કીજીયે રે, સ્વર્ગ મોક્ષમાં વાસ. કરો૦ ભ૦ ૯
ક્રોધ કરી ખામે નહીં રે, નરક નિગોદ આવાસ. કરો૦ ભ૦ ૧૦
જેહ ખમે ખામે વલી રે, તે આરાધક થાય. કરો૦ ભ૦ ૧૧
જેહ ખમે નહી ખામતા રે, આરાધના તસ જાય. કરો૦ ભ૦ ૧૨
કુરગડુ ચઉ તપ કરી રે, ખામતાં કેવલનાણ. કરો૦ ભ૦ ૧૩
ચંદનબાલા તિમ વલી રે, મૃગાવતીશું જાણ. કરો૦ ભ૦ ૧૪
ચંડપ્રદ્યોતને દીધલો, રાજ્ય લીધો તો તાસ. કરો૦ ભ૦ ૧૫
પડિકમણું ઉદાઈએ રે, ત્યારપછે કર્યું ખાસ. કરો૦ ભ૦ ૧૬
તિણ ખમજો ખમાવજો રે, ચિત્ત કરી નિરમાય. કરો૦ ભ૦ ૧૭
મ કરો કુંભારની પરે રે, વૈરવિરોધ ખમાય. કરો૦ ભ૦ ૧૮
સમવસરણમાં જિનવરે રે, ઉત્તમ પર્ષદામાંહી. કરો૦ ભ૦ ૧૯
પદ્મવિજય કહે ભાખીયો રે, સદ્દહો ભવિ ઉછાંહી. કરો૦ ભ૦ ૨૦

ઇતિ ખામણા સ્વાધ્યાય

સંવત્ ૧૮૪૮ શ્રાવણ શુદ ૧૧ પં. *પદ્મવિજયે લખેલ તે પરથી જિનગુણ-ગાયક (ભોજક) મોહનલાલ ગિરધરે આ સજઝાય લખી મોકલી છે.

---

* પં. પદ્મવિજયજી મહારાજની જન્મભૂમિ અમદાવાદ હે. સામળાની પોળમાં હતી. તેમણે સમરાદિત્ય રાસ, ચોમાસી દેવવંદન, નવપદપૂજા તેમજ ઘણા સ્તવનો બનાવેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાતનંદનની જ્ઞાન-ઉપાસના.

( લેખિકા—મૃદુલા છોટાલાલ કોઠારી-લીંબડી )

જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન શ્રી મહાવીરના જૈન દર્શન સિવાય કોઇપણ એવું દર્શન નથી કે જેની હરકોઈ સામાન્ય ઉપાસનાની ભિતરમાં જ્ઞાનની જ્યોત ઝગમગતી હોય.

કઠોર કર્મબંધનોને તોડવા અન્ય દર્શનકારોએ ફરમાવ્યું કે-કાશીએ જઇને કરવત મૂકાવો, વળી કોઇ બીજાએ એમ પણ કહ્યું કે-ધગધગતા સીસાના રસનું પાન કરો તો જ ઉદ્ધાર છે. ત્યારે જ્યોતિર્ધર એવા ત્રિશલાનંદને ઉદ્ધારના અનેકવિધ માર્ગો દર્શાવ્યા. ગાઢ કર્મોને તોડવા તેમણે દાન, શીલ, તપ, ભાવ વગેરેની સોપાનશ્રેણી દર્શાવી. પણ કોઇ કહેશે કે-કાંઇ જ કરી શકવાની શક્તિ ન હોય તો? તો છેવટ પશ્ચાત્તાપ તો થાય ને! તો ય બેડો પાર થઇ જાય.

પરંતુ આજે રાહ ભૂલેલા આપણે એ વચનામૃતને પણ ભૂલી ગયા છીએ.

" હીરો હાથ ખોયો અંધાર "

એની જેમ અંધારે અંધારે અથડાતા, કૂટાતા હીરાને શોધીએ છીએ, પરંતુ એ શોધ ગાઢ તિમિરમાં ફાંફાં મારવા જેવી છે.

આપણી એક પણ ક્રિયા પાછળ જ્ઞાન નથી અને જ્ઞાન નથી એટલે ભાવ પણ નથી. સવારે ઊઠતાંથી તે સૂતા સુધી બસ નિત્ય કર્મોમાં રચ્યાપચ્યા રહીએ છીએ છતાંય એ બધાય કાર્યો છાર ઉપર લીંપણ જેવા કેમ નિવડે છે? એ બધા કાર્યો દરરોજ ક્રમ ચુક્યા સિવાય કરવા છતાં ય જીવનની કોઇ એવી રમ્ય ક્ષણ કેમ નથી આવતી કે જ્યારે હૈયું સાચા ભાવોલ્લાસથી છલકાઈ જાય? સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, દેવદર્શન વગેરે નિયમિત કરવા છતાં ય **अहिंसा परमो धर्मः ।** એ સૂત્ર જીવનમાં વણાતું કેમ નથી? આટલી આટલી સાત્વિક વૃત્તિને જ પોષનારી ક્રિયાઓ કરવા છતાં ય અન્યના સુખને ખાતર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવાની વિશ્વવાત્સલ્યની ભાવના કેમ પ્રગટતી નથી? અરે! બીજાને ખાતર થોડો ત્યાગ પણ આપણે કેમ કરી શકતા નથી? એનું કોઇ પણ કારણ હોય તો ફક્ત એક જ છે કે-આપણે જ્ઞાતપુત્રની ઉપાસનાને અપનાવી છે પરંતુ એમની જ્ઞાન-ઉપાસનાને નથી અપનાવી. ક્રિયાઓ શા માટે? એ સમજ્યા સિવાય ઘાંચીના બેલની જેમ આંખે પાટા બાંધીને આપણે રોજના એ ચક્રાવામાં ફર્યા કરીએ છીએ; એક તસુ ય આગળ વધતા નથી.

**ज्ञानक्रियाभ्यां मोक्षः ।** એ પરમ સિદ્ધાંતને અભરાઇએ ચઢાવી આપણે રથનું જ્ઞાનચક્ર તોડી-ફોડીને ફેંકી દીધું છે. ફક્ત ક્રિયાને વળગીને એક ચક્રથી રથને દોડાવવા મથીએ છીએ. એ મથામણનું પરિણામ શૂન્યમાં જ આવે એમાં કાંઇ આશ્ચર્ય છે? પતન થયા પછી આટલેથી જ અટક્યું હોત તોય એને જલદી સુધારી લેવાત પણ આજે આપણે જ્ઞાનદીપકને આઘો હડસેલીને ફક્ત ક્રિયાના ચક્રને પકડીને અંધારે દોડતા દોડતા નિષ્ફળ નિવડવા ઉપરાંત વિનિપાતની એક ઊંડી ગર્તામાં હડસેલાઇ ગયા છીએ. ત્યાંથી નીકળતા પણ કદાચ વર્ષો થશે. આપણી આ દુઃખદ પરિસ્થિતિનો લાભ લઇને નવા નવા ચીલાઓ, પંથો અને ફાંટાઓ ફૂટી નીકળ્યા છે. ચરમતીર્થંકર ભગવાન મહાવીરનું એકછત્રી શાસન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે છિન્નભિન્ન, વેરવિખેર થઈ ગયું છે; ઘર ઘરના નવા તડ થયા છે. સહુ કોઇ પોતપોતાનું વર્ચસ્વ જમાવવા મથે છે.

આ આખી વર્તમાનની પરિસ્થિતિનું એક માત્ર કારણ જ્ઞાનશૂન્ય દશા છે. કોઇ કહેશે કે "શું બધા જ અજ્ઞાની છે?" ના, બધા અજ્ઞાની નથી. પરંતુ જે જ્ઞાનીઓ છે તેમાંના મોટા ભાગના વિવેકશૂન્ય છે. જે સમજે છે તે દંભને સેવવા માંડ્યા છે. પાશ્ચાત્ય રંગે રંગાએલા આપણે વનસ્પતિમાં જીવ છે એ જ્યારે શ્રી જગદીશચંદ્ર બોઝે શોધીને સાબિત કર્યું ત્યારે સ્વીકાર્યું, પરંતુ આપણા શાસ્ત્રકારો એ હજારો વર્ષોથી કહેતા આવે છે તેને સ્વીકારવા તૈયાર નહોતા. એટલે આપણું જ્ઞાન વિવેકશૂન્ય હોવાથી નિરર્થક હોવાની સાથેસાથે અનર્થકારી પણ છે જ.

જ્ઞાન અને ભવ વગરની ક્રિયાઓ આપણને વિષરૂપે પરિણમી છે. પર્યુષણમાં બધા કરતા'તા અને ગુરુમહારાજે પ્રેરણા કરી એટલે સ્વશકિતનો વિચાર કર્યા સિવાય અટ્ઠાઇનું પ્રત્યાખ્યાન કર્યું, પરંતુ કરતી વખતે હૈયામાં સાચો ભાવ નહોતો, દૂધના ઉભરા જેવો કૃત્રિમ ભાવ હતો, સાથે સાથે આ આઠ દિવસનો તપ શા માટે? એનું પણ ભાન નહોતું. એટલે એક બે દિવસ તો મન મક્કમ રહ્યું પણ ત્રીજે કે ચોથે દિવસે જ્યારે જરા વધારે પડતી શારીરિક નબળાઇ આવી ત્યારે થયું કે, "આ કરતાં તો પ્રત્યાખ્યાન ન કર્યું હોત તો સારું હતું. પણ શું થાય? કર્યું એટલે પાળ્યે જ છૂટકો." આમ વિચારીને અરુચિભાવે જેમ તેમ આઠ દિવસ પૂરા કર્યા. પારણાના દિવસે ભોજનના સમયે એ વ્યકિતને આપણે પૂછીએ કે, "કેમ ભાઇ, તપના પરિણામ કેવા ટકી રહ્યા છે?" તો ખ્યાલ આવશે કે-અટ્ઠાઇનું અનુપમ અનુષ્ઠાન એને માટે વિષરૂપ જ નિવડયું છે. કરતા પહેલા પણ હૃદયમાં થશે કે કેમ એ શંકા, કરતી વખતે પરાણે પૂરું કરવાની ભાવના અને કર્યા પછી ફરીથી હવે કોઇ દિવસ ન કરવું એ કર્મબંધન કરાવનારો નિશ્ચય-આ બધા ઉપરથી નથી લાગતું કે ક્રિયાનો ઉદ્દેશ જાણ્યા વગર ભાવ ટકી શકતો જ નથી?

કદાચ એમ પણ પ્રશ્ન ઊઠે કે-એકલા જ્ઞાન અને ભાવ પર જ શા માટે આટલો ભાર મૂકવામાં આવે છે, પરંતુ સમજ્યા વગર ક્રિયા કર્યે જવું એ તો ચાવી ચડાવેલા રમકડા જેવું છે. જ્યાં સુધી ચાવી ચડાવનારું કોઇ હશે ત્યાં સુધી ટકી રહેવાશે અને નહિ હોય ત્યારે બંધ થઇ જ જવાનું. આપણે તો એવું રમકડું બનાવવું જોઇએ કે જેને ચાવી જ ન દેવી પડે. એનામાં જ્ઞાન અને ભાવરૂપી પ્રાણ પૂરીને ચિરંતન કાળ સુધી કોઇની ય પ્રેરણા વગર મૂકિતના પ્રયાસ આદરે એવું બનાવવું છે. અને એટલે જ જ્ઞાન અને ભાવ પર ખૂબ ભાર મૂકવો પડે છે.

જ્ઞાતનંદનના સાચા પૂજારી, એમના સાચા અનુયાયી ત્યારે જ બનીશું કે જ્યારે એમણે દર્શાવેલી જ્ઞાનમય, જ્યોતિર્મય, ઉપાસના જીવનમાં વણીશું. એકલી જ્ઞાનશૂન્ય જડ ઉપાસના તો આજ સુધી આપણે કરી અને કાંઇ પણ પ્રગતિ ન સાધતા ઉલટા પાછાં પડવાનો સમય આવ્યો હતો. એ જડને છોડીને, વિવેકશૂન્ય ક્રિયાઓ છોડીને ચેતનપૂર્ણ, ભાવપૂર્ણ, જ્ઞાનપૂર્ણ ક્રિયાઓ ત્રિવિધે ત્રિવિધે કરીને આ પંચમ કાળમાંથી સત્વર કલ્યાણના પંથી બની જઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય–વાડીનાં કુસુમો.

## માટીમાંથી માનવ

( લેખક—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી. )

### પેટવરામાં પુન્ય વરો.

અહા ! આ સામે તો એકાદ દેવતાઇ નગરી રચાયેલી જણાય છે ! રજતના બનાવેલા અને ચળકી રહેલા શ્વેત ગઢ, સોનામય ઝળહળતા કાંગરા અને મણિ–રત્નોના તોરણો અને તે ગઢ પણ એક બે નહીં પણ ત્રણ ! ખરેખર અદ્ભુત ! જીવનમાં પહેલી જ વાર આ જોયું ! કાને સાંભળ્યું હતું કે ત્રણ ખંડના સ્વામી શ્રી કૃષ્ણ વાસુદેવની દ્વારકાનગરી દેવતા રચિત હતી. એમાં રમણિય મહેલો હતાં અને સુંદર પ્રાકારો હતાં. પણ અહીં તો નજરે જોવા મલ્યું.

અરે ! પણ આ કેવી વિચિત્રતા ! નગરી સમી લાગતી આ રચના સાચી નગરી જેવી નથી જણાતી. એમાં નથી પહોળા રસ્તા કે માનવોને વસવાના ભિન્ન ભિન્ન પ્રાસાદો, કિલ્લા જેવી રચના છતાં એ યુદ્ધ લડવાની સામગ્રીવાળા નથી. વળી વાહનોની દોડાદોડ પણ નથી જણાતી. લોકોનો અવરજવર છતાં એની વિશાળતા ઊડીને આંખે વળગે તેવી છતાં, મારી શરૂઆતની કલ્પના સાચી ઠરતી નથી. તો પછી આ છે શું ? મારી જિંદગીનો મોટો ભાગ આ પોલાસપુરમાં વ્યતીત થયો અને એક કરતાં વધુ વાર આ ભાગોળ મેં ખુંદી નાંખી છતાં ચક્ષુ સામે જે દૃશ્ય ખડું થયેલ છે એ એકાએક સર્જાયું છે એટલું જ નહીં પણ સૌપ્રથમ છે. આશ્ચર્યજનક રચના કોણે કરી ? શા માટે કરી ? એ પાછળ શું આશય છે એ જાણવું તો જોઇએ.

પૂછવું પણ કોને ? સૌ દોડાદોડમાં પડયા છે. એમાંથી બહાર નીકળે છે તે કરતાં એમાં પેસનાર સંખ્યા વધુ છે. આવનાર–જનારને ઓછી જ મારા જેવા એકાદા સામાન્ય અને અભણ માનવીને સાંભળવાની અથવા તો એનો ઉત્તર આપવાની ફુરસદ છે ! પેલા શ્રમણ પણ દેખાતા નથી.

ગઇ કાલે મને એમણે આ સ્થાને જ આવવા કહેલું. હા, પણ તેમની બીજી વાતનો મેળ મળતો નથી. ગોચરી લઇ પાછા વળતા ટૂંકમાં તેઓએ પોતાના જે ગુરુનું વર્ણન કરેલું એ વિચારતાં દીવા જેવું જણાય છે કે એવા નિરાગી કે ખાખી જેવા મહાત્માનો વાસ આ અસ્થાનમાં ન જ સંભવે. અહીં તો રાજવીના આલિશાન મહેલને પણ ટક્કર મારે તેવો ઠઠારો છે. ત્યાગી કરતાં ભોગીને શોભે તેવો ભભકો છે. વાજિંત્રના મધુરા નાદ છે અને સ્વર્ગની કિન્નરીઓના વિવિધ પ્રકારના નૃત્યો છે.

મને યાદ છે કે એક વાર મારી શાળામાં શોભેલા મંખલીપુત્ર સંતે ઉપદેશ સંભળાવતા કેટલાક ભોગી અને વિલાસી ધર્મગુરુ તરીકેના બિલ્લાધારીઓની વાત કહેલી. અહીં એવામાંનો કોઇ એક હોવા જોઇએ. ધર્મના ઓથા હેઠળ કયા ધતીંગો નથી ચલાવાતાં ? ભૂદેવોના પુરાણોમાં દેવ–દાનવોના નામે, અરે ! ખુદ બ્રહ્મા–વિષ્ણુ–મહેશ–ઇંદ્ર અને ઋષિઓના સંબંધમાં કેટલીયે મ્હોં–માથા વિનાની–ધર્મ–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીતિને તળીયાઝાટક કરી નાંખનારી-પવિત્રતાનું લીલામ બોલાવી દેનારી કથાઓ ભરી પડી છે. એ કરતાં ગોશાલકનો નિયતિવાદ ઘણો સારો. 'બનવાનું બન્યા કરે છે' એમ માની ઝાઝી લપ-જપ વગર કરતા હોઇએ તે કર્યે જવાનું.

ત્યાં તો સામે જ એક શ્રમણ આવતા નિરખ્યા અને વિચારમાળા અટકી પડી! એનાથી બોલી જવાયું—

મહારાજ, હું તમને શોધી રહ્યો છું. અહીં કંઇ તમારા ગુરુજી જણાતા નથી. મારો ઘણો સમય નકામો ગયો. આટલા કાળમાં તો મેં કેટલાયે ઠામ ઉતારી મેલ્યા હોત.

સદ્દાલ! આકળો ન થા. આ સામે શું દેખાય છે એ જોયું?

હા, બાપજી. એ જોઇને તો મારા હૃદયમાં કંઇ કંઇ હવાઇઓ ઊડે છે. ભગવાધારીઓથી પણ માયા છોડાતી નથી!

વત્સ! આમાં એવું નથી. જીવનમાં પ્રથમ વાર નજરે પડે છે અને એ પાછળના રહસ્યની ખબર નથી એટલે તને એમ લાગે. આ તો ધર્મદેશના માટેની વ્યાસપીઠ છે.

મહારાજ! તમારા ગુરુજી શું અહીં વસી ઉપદેશ આપે છે? જો એમ જ હોય તો મારે કંઈ જ સાંભળવું નથી. વૈભવના ઝરુખે વિરાજી સુરીવાણી વાત કરવી એ 'પરોપદેશે પાંડિત્યં' જેવું છે. એ કરતાં મારો ખાખી ભલો. હું આ ચાલ્યો—

ભાઇ ઉતાવળો ન થા. ઉજળું એટલું દૂધ નહીં અને પીળું એટલું સોનું નહીં, એ જન-વાયકા જેમ સાચી છે તેમ બહારના દેખાવે સાચા માપ ન નીકલે; અથવા તો નજરે જોયેલું પણ ખોટું ઠરે એ અનુભવવાણી પણ સાચી છે.

આ કોઇ વિલાસ માણવાની મહેલાત નથી. એનું નામ સમવસરણ છે. એની રચના ભક્તિવંત દેવો કરે છે, અને કરોડો જીવો સરળતાથી ઉપદેશ શ્રવણ કરી શકે એવી એમાં સગવડ હોય છે. ગુરુજીના પૂર્વ પુન્યના કારણે આવી રચના ભક્તિથી આકર્ષાઈ દેવો કરે છે. આવી મનોહર વ્યાસ પીઠ પર વિરાજી મારા ગુરુજી જે વાણી સંભળાવે છે તે માત્ર દેવો અને માનવો જ નહીં પણ તદ્દન અભણ અને પશુઓ પણ સમજી શકે એવી હોય છે.

મારા ધર્મ ગ્રંથ-આગમમાં કહેલું છે કે-

**देवा दैवीम् नरा नारीम्,**
**शवराश्चापि शावरीम्।**
**तिर्यंचोऽपि हो तैरश्चीम्,**
**मेनिरे भगवद्गीरम्॥**

તીર્થંકર ભગવંતની વાણીના એ અતિશય છે કે એ સાંભળનારા દેવો એને પોતાની દેવી વાણી લેખે છે, માનવો માનવી ભાષા સમજે છે, ભીલો ભીલી બોલી માને છે અને તિર્યંચો એને પોતાના સ્વરૂપે પિછાને છે. આ કોઇ અજાયબી નથી પણ વાણીનો પ્રભાવ છે. સામાન્ય ભીલ જેવા અભણ માનવીએ પોતાની ત્રણ સ્ત્રીઓની જુદી જુદી માંગણીના જવાબમાં માત્ર '**सरो नत्थि**' એટલા શબ્દો કહ્યા અને તે ત્રણે અબળાઓ સમજી ગઇ. એકને પાણીની તરશ લાગેલી, બીજીને કકડીને ભૂખ લાગેલી અને ત્રીજીને મન રંજન કરવું હતું; એટલે અનુક્રમે પાણી, ખોરાક અને ગીત સંભળાવવાની માંગણીઓ કરી. સ્વામીના ઉપરોક્ત સાડા ચાર અક્ષરોના ઉત્તરમાં પાણી વાળી પ્રથમ સમજી કે 'સર નથી' અર્થાત્ સરોવર નજિકમાં નથી એટલે પાણી કયાંથી લાવે? બીજીએ 'શર'નો અર્થ બાણ કર્યો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એના અભાવે શિકાર થાય નહીં, ને ખાવાનું મળે નહીં એવો તારવ્યો જ્યારે ત્રીજીએ અર્થ કર્યો. 'સ્વર' મધુર સ્વર ન હોય તો ગાયનમાં મઝા ન જ આવે. ભાઇ, આ તો ત્રણ જગતના સ્વામી તીર્થંકર દેવ કેવલજ્ઞાન વિના ઉપદેશ આપે જ નહીં. પ્રથમ સર્વ જાણે પછી જ બીજાને જણાવે. '**तिन्नाणम् तारयाणम्**' અર્થાત્ પોતે તરેલા એટલે અન્યને તારવાની શક્તિવાળા. એક વાર તેઓશ્રીની વાણી સાંભળ એટલે મારી વાત પાછળનું રહસ્ય સમજાશે.

તારા ગુરુ મંખલીપુત્રે પણ આ મહાગુરુ શ્રી વર્ધમાનના પાસા વર્ષો સુધી સેવેલા છે. એક વાર એ સર્વજ્ઞની વાણી સાંભળીશ પછી જ તને સમજાશે કે જગતમાં કેવલ 'નિયત'-વાદ છે કે એની સાથે બીજા પણ કારણો માનવા જરૂરી છે. માનવ જીવનની સફળતા વાદમાં નથી પણ ભિન્ન ભિન્ન વાદોના સમન્વયમાં છે. એક કવિએ ગાયું છે કે—

'જેણે સાંભળી ભાવથી વીરવાણી,
અગાધ સંસારથી તર્યા તે જ પ્રાણી.'

કદાચ તને એ વાતની ખબર નહીં હોય કે કુંડલપુરવાસી, ગૌતમગોત્રી, મહાન વિદ્વાન, નાલંદામાં તો શું પણ સારા ભારતવર્ષમાં જેની વિદ્વત્તા અજોડ ગણાતી એ ઇંદ્રભૂતિ મોટા આડંબર સાથે, ભગવંત મહાવીર મહાસેન વનમાં સમવસર્યા હતા ત્યારે વાદ અર્થે આવેલ. સર્વજ્ઞ એવા ભગવાને સમવસરણના પગથિયા ચડતા એ પંડિતને માનપૂર્વક મીઠા શબ્દોથી બોલાવ્યો અને ખૂદ વેદશાસ્ત્રના સૂત્રો ટાંકી–શંકાનું સમાધાન એવી સચોટ રીતે કર્યું કે એ મહાશયનો અહંકાર, અગ્નિમાં જેમ ઘી ઓગળી જાય તેમ ઓસરી ગયો અને પચાશ વર્ષની વયવાળા એ ભૂદેવ અગ્રણીએ, પોતાનાથી આઠ વર્ષની ઓછી ઉમ્મરના શ્રી વર્ધમાન પાસે ઉભરાતા હૈયે ભાગવતી દીક્ષા લીધી અર્થાત્ શિષ્ય પદ સ્વીકાર્યું. શ્રી વીરની વાણીમાં આવા તો કૈં કૈં ચમત્કાર છે.

પૂજ્ય સાધુજી ! મને દાખલ થતાં કોઇ અટકાવશે તો ?

અરે, ભલાભાઇ ! અહીં કોઇની રોકટોક ચાલતી નથી. અભંગ દ્વારવાળા સમવસરણમાં સૌ કોઇ પણ આવી શકે છે. મહાપાપીઓ આવે છે અને ટીકાકારો પણ આવે છે. અરે ! તિર્યંચો પણ જઇ શકે છે.

પૂર્વે જોઇ ગયા તે વાર્તાલાપના પાત્રો સંબંધમાં થોડી વધુ હકીકત જોઇ લઇ આગળ શું બને છે તે તરફ ડગ માંડીશું.

પોલાસપુરમાં તીર્થપતિ શ્રી મહાવીરદેવ પધાર્યા હતા. તેમના સમુદાયના એક શ્રમણ ગોચરી અર્થે ગયેલા. વસતીમાંથી પાછા ફરતાં તેમના જાણવામાં આવ્યું કે–આ નગરીનો જાણીતો અને મોટા વિસ્તારવાળો સદ્દાલપુત્ર નામે કુંભકાર પૂર્વે ભદ્રિક પરિણામવાળો હોવાથી જન સમાજના લાભના પ્રત્યેક કાર્યોમાં ઉમંગપૂર્વક ભાગ લેતો હતો અને સ્થિતિ-સંપન્ન હોવાથી તેમજ કારીગરીના બળે આગળ વધેલો હોવાથી પાંચ પૈસા ખરચતો પણ હતો. ટૂંકમાં કહીયે તો નાગરિક જીવનમાં તેનું સ્થાન મોખરે રહેતું. પણ એક વાર તેની શાલામાં મંખલીપુત્ર ગોશાલના પગલા થયા; અને નિયતિ-વાદનું પારાયણ એના કાને પડ્યું ત્યારથી તેનું જીવન સદંતર જૂદા પાટે ચઢી ગયું છે. એ કેવલ ધંધાદારી બની ગયો છે. પહેલાની માફક નથી તો દરેક કાર્યોમાં ભાગ લેતો અને નથી તો છૂટા હાથે લક્ષ્મી વાપરતો. પૂછવામાં આવે તો એક જ વાત ઉચ્ચારે છે–'જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનવાનું છે તે મિથ્યા થવાનું નથી જ, તો પછી જાતજાતના ઉધામા કરવાની શી જરૂર? નકામો કાળક્ષેપ કરવો એ કરતાં પોતાના વ્યવસાયમાં રકત રહેવું શું ખોટું? મંખલીપુત્રનો મત અક્ષરશઃ સાચો છે. મારા ગળે તે બરાબર ઉતર્યો છે.'

મુનિશ્રી એ કુંભારની શાલા પાસેથા નીકળ્યા. ધર્મલાભરૂપ શબ્દોનો ઉચ્ચાર એક કરતાં વધુ વાર કર્યો. પણ વાસણ બનાવવામાં રત થયેલા સદ્દાલે આંખ સરખી પણ ઊંચી ન કરી. દરમીયાન અચાનક ઘરના ઉંબરામાં એની પત્ની અગ્નિમિત્રાના પગલા થયા. પૂર્વે પોતાના બારણે આવનાર અતિથિ સંતોષપૂર્વક વિદાય થતો એ વાત યાદ આવતાં આજે ઘણા દિવસે સંતના દર્શન થતાં તેનાથી એકાએક બોલાઇ જવાયું—

**પધારો, મહારાજ, આપ જેવા સંતની ચરણરજથી મારું આ ખોરડું પાવન થયું** એમ કહી રસોડામાં તેડી લઈ ગઇ અને જૂદા જૂદા પદાર્થ સામે ધર્યા. મુનિશ્રી ખપ પૂરતો આહાર ગ્રહણ કરી બહાર નીકળ્યા.

અજાયબી તો એ હતી કે પેલો કુંભકાર પૂર્વવત્ કામમાં રત હતો. ન તો એણે ઊભા થઇ મુનિને પ્રણામ કર્યા કે ન તો પોતાની ભાર્યાને એકાદો શબ્દ સરખો કહ્યો.

પાછા ફરતા શ્રમણે એની નજીક જઈ અવાજ કર્યો: 'મહાનુભાવ! જરા ઊંચું તો જો. કામ તો રોજનું છે; ઘરની સ્વામિનીએ જ્યારે ભક્તિથી આહાર આપ્યો ત્યારે એ લેનાર તરીકે મ્હારે બે શબ્દ ઘરના માલિકને કહેવાના છે'.

સદ્દાલપુત્રે મુનિ સામે જોયું અને હાથમાંનાં કામને બાજુ પર મેલ્યું. સાધુજી કંઇ કહે તે પહેલાં જ બોલી નાંખ્યું કે—'જુદા જુદા ધર્માચાર્યોની વાતોમાં મને રસ નથી, મહારાજ, મારા ગુરુ મંખલીપુત્રનો 'નિયતિવાદ' સાચો છે. 'હોણહાર મિથ્યા થનાર નથી' તો પછી બીજી લપમાં પડવા કરતાં પોતાના કામમાં રત રહેવું. હું એ મુજબ વર્તુ છું. બીજી વાતોથી મેં હાથ જોડયા છે'.

'ભાઈ! તારા ગુરુજીની વાત પર તને પાકી શ્રદ્ધા કયાં બેઠી છે?'

'મહારાજ! એમ શા ઉપરથી કહો છો?'

'વત્સ! હું સાચું કહું છું. જો 'બનવાનું છે એ મિથ્યા થવાનું નથી' એ સૂત્રને વળગી રહેવાનું હોય તો આ તારા ઉદ્યોગને પણ ઊંચો મૂકવો જરૂરી છે. માટી લાવવી, એને ગુંદવી, પીંડો બનાવી ચાક પર ચઢાવવો અને જુદા જુદા ઘાટ ઉતારવા એ સર્વ શા માટે? વળી એ ઠામોને તડકે તપાવવા—વારંવાર હેરફેર કરવી, કોઇ એને ફોડી ન નાંખે માટે રક્ષા કરવાનો પ્રબંધ કરવો એનું શું પ્રયોજન? કેવલ જો ભવિતવ્યતાના ભરોસે જીવવાનું હોય તો આ બધા પ્રયત્નો અર્થહીન જ લેખાયને! એ સૂત્રના રટનારે તો માત્ર હાથ પગ જોડીને બેસી રહેવું ઘટે—અરે! ભાણામાં ભોજન પીરસાયું હોય તોપણ હાથ હલાવવો ન જોઇએ. થવાનું એ થવાનું છે તો ક્રિયાની અગત્ય શી? પુરુષાર્થનું પ્રયોજન શા માટે?'

'ભાઈ! કેમ કંઇ જવાબ દેતો નથી? શા સારુ ઉપર વર્ણવ્યું તેમ આચરણ કરતો નથી?'

કુંભકારને મૌન જોઇ, મુનિરાજે આગળ ચલાવ્યું—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ–પ્રભાવના.

( લેખક—'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ–માલેગામ )

**મ**નુષ્યની ભાવના જ્યારે ઉત્કટ થાય છે, તેનો આનંદ તેના પેટમાં માતો નથી ત્યારે તે પોતાના આનંદનો આવિષ્કાર કરવા પ્રયત્ન કરે છે અર્થાત્ પોતાના અંતરંગ આનંદનો આવિષ્કાર તે બાહ્ય ક્રિયાઓદ્વારા પ્રગટ કરે છે. બાલક પોતાને મનગમતી વસ્તુ મળે છે ત્યારે તે નાચે છે, દોડે છે, પોતાની વસ્તુ પોતાના મિત્રોને, સમવયસ્કોને બતાવે છે. પ્રસંગાનુસાર તેમાંનો ભાગ બીજાને આપે છે ત્યારે તે પોતાની ભાવનાને ઉત્ક્રાંત કરતો પોતાની ભાવનાની પ્રભાવના કરે છે. કોઇના ઘેરે પુત્રનો જન્મ થાય, લગ્નપ્રસંગ થાય કે કોઇ મોટો લાભ થાય ત્યારે તે પોતાની આનંદની ભાવનામાં બીજાઓને ભાગીદાર બનાવે છે. મતલબ કે પોતાના આનંદનો એ ઉત્કર્ષ કરવાથી પોતાનું સમાધાન મેળવી શકે છે. સારાંશ **ભાવનાનો પ્રકર્ષ એ જ પ્રભાવના** છે.

ધર્મનો સંબંધ આત્મા સાથે પૂર્ણ રીતે બંધાએલો છે. કાંઇક ત્યાગ, પરોપકાર, સદ્‌ગુણોનો આદર કે દુર્ગુણોનો ત્યાગ આપણે કરીએ છીએ ત્યારે એવા આનંદની કાંઇક ઝાંખી આપણે અનુભવીએ છીએ; પણ ઘણી વેળા એમાં પણ દંભ જેવો દુષ્ટ મનોવિકાર પોતાનું સાધી જાય છે. અને નિર્મલ આનંદમાં કાળા ડાઘ લગાડી દે છે. એક ઉપવાસ કર્યો હોય, અનેક તપ આગળ એ સામાન્ય ગણાય પણ કેટલાએક બંધુઓ એ સામાન્ય ગણાતા તપની જાહેર ખબર કરવા બેસે છે. જેની તેની આગળ પોતાના એ કૃત્યની વાહવાહ બોલાવવાનો પ્રયત્ન આદરે છે. ત્યારે એ તપશ્ચર્યાના સાચા ફળથી વંચિત જ રહી જાય છે. એકાદ ફંડમાં થોડાં નાણાં આપ્યા હોય ત્યારે તેની જાહેરાત ઘેર ઘેર અને છાપાઓમાં પ્રગટ થાય એની રાહ જોયા કરે, એ તે તપની પ્રભાવના નહીં પણ દંભ જ

---

'મહાનુભાવ! તારા ગુરુનો ઉપદેશ અધૂરો છે. આ પ્રકારના એકાંતદૃષ્ટિયે વહેતા મૂકેલા સૂત્રો લાભ કરતાં નુકશાન વધુ કરે છે. આ નગરમાં મારા ગુરુમહારાજના પગલાં થયાં છે. માનવભવ સફળ કરવો હોય તો એક વાર તેઓશ્રીની વાણી સાંભળવી જોઇએ. તેમનું જ્ઞાન વર્ષોની આકરી તાવણી પછી મેળવાયેલું છે. અને એ સાધના પાછળ તો આત્માએ ભવોની હારમાળા પહેરી છે. તેઓશ્રીના જીવનનો ઇતિહાસ એ તો અનુભવેલા બોધપાઠોનો ભંડાર છે'.

'મહારાજજી, તમો કહો છો એવા ગુરુ હોય તો, મારે તેમનું મુખ જોવું છે. સાથે આવું કે?'

'ભાઈ, અત્યારે નહીં. આવતી કાલે બીજા પ્રહરે નગરની ભાગોળે આવજે. ત્યાં તેમના દર્શન થશે. હું તને ત્યાં મળીશ'.

આપણે જોયું તેમ સદ્દાલપુત્ર બીજે દિવસે આવ્યો. જાતજાતના વિચારો એણે ઉદ્‌ભવ્યા. આખરે પ્રભુની દેશના સાંભળવા ગયો પણ ખરો. —( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવામાં આવે છે અને તેથી તેના ફળની સૌરભ નષ્ટ થઇ જાય છે. ધર્મકૃત્યના પ્રભાવનાનો એ સાચો માર્ગ ન કહેવાય.

પ્રભાવનાથી ધર્મકૃત્યનું મહત્ત્વ વધવું જોઇએ. જેમની આગળ પ્રભાવના થતી હોય તેમને એ ધર્મકૃત્યની અનુમોદના કરવાનું મન થવું જોઇએ એટલું જ નહીં પણ કેટલાએકોને સાક્ષાત્ ધર્મભાવના જાગવી જોઇએ અને તેનું સાક્ષાત્ અનુકરણ કરવા પ્રેરણા મળવી જોઇએ એ જ પ્રભાવનાનું ફળ ગણાય, અને એવું ક્યારે બને કે જ્યારે તે ધર્મકૃત્ય પૂર્ણ નિર્દોષ હોય. સદોષ ધર્મકૃત્ય સાચું ફળ આપી શકતું નથી. તેમાં પ્રભાવના જોતા અને અનુભવતા પણ તિરસ્કાર અને અનિચ્છાની લાગણી જન્મે છે. વસ્તુ સાચી છતાં તેમાં સ્વાર્થ અને દંભની દુર્ગંધનો ભેળસેળ થઇ ગએલી જણાય છે, માટે આવી ખોટી પ્રભાવનાથી તો આપણે દૂર જ રહેવું જોઇએ.

એક પંડિત વિદ્વાન બંધુ હતા. તેમણે ગમે તેવાં કાળાં કૃત્યો કરી દ્રવ્યોપાર્જન કર્યું. ખાનપાનનો જરાએ સંયમ એએ। પાળી શક્યા નહીં. નીતિ–નિયમોનો એ ભાઇએ જરા પણ વિધિનિષેધ રાખ્યો નહીં. લોકોમાં એમના માટે જરાય કોઇ સહાનુભૂતિની કે પ્રેમની ભાષા બોલતું નહીં. વૃદ્ધાવસ્થાના આરે જ્યારે એ ભાઇ આવી ઊભા રહ્યા ત્યારે તેઓ ધર્મની વાતો કરવા પ્રેરાયા. એક મુનિ પાસે પોતાનો ઉજમણું કે ઉપધાન કરવાનો વિચાર જણાવ્યો. એવી રીતે દ્રવ્ય ખર્ચી એમને ધર્મી કહેવડાવાની ભાવના જાગી હતી. એ વિચારથી એમણે ખૂબ ધામધૂમ કરી પૈસા ખર્ચ કર્યા. શું એ પ્રભાવના ગણાય? આમ જ જો વગર ભાવનાથી અને વગર પશ્ચાત્તાપથી જ પ્રભાવના થતી હોય તો તે નરી આત્મવંચના જ છે. લોકોની આંખમાં ધૂળ ફેંકવા જેવું છે. તેથી લોકોની આંખમાં ધૂળ તો ફેંકાતી નથી જ પણ પોતાની જ આંખોમાં ધૂળ ફેંકાય છે અને લોકોમાં સદ્ભાવનાની પ્રેરણાની જગ્યાએ દુર્ધ્યાનની જ પ્રેરણા જાગે છે. એ ભાઇ તો એમ જ માનતા હતા કે, ગમે તે માર્ગે દ્રવ્ય એકત્ર કરવાથી આપણે શ્રીમંત કહેવાઇએ તેમ થોડું દ્રવ્ય ઉડાવી દેવાથી ધર્મ પણ ખરીદી શકાય છે. એવો ધર્મનો પણ ક્રયવિક્રય થઇ શકે તો પછી ધર્મ એ પણ કરીઆણા જેવી એક વસ્તુ ગણાય. પ્રભાવનાનો એ માર્ગ કાંઇ રીતે ગ્રહણ કરવા લાયક ન જ ગણી શકાય.

પ્રભાવનાની પ્રેરણા તો સાત્વિક અંતઃસંવેદનાજન્ય હોવી જોઇએ. એકાદ સંતને આત્માનુભવ થાય, અપૂર્વ આનંદનો અનુભવ તેને મળે, એવી આનંદની ઊર્મિમાં એના મ્હોંમાંથી એકાદ અમૃતમય કાવ્ય નિકળી પડે એવી પ્રભાવના અખંડ ટકી શકે છે. એવા સંત–મહાત્માઓના ભક્તિના કે ઉપદેશના કાવ્યો એ અખંડ પ્રભાવનાના પ્રવાહો ગણી શકાય. તેને કાળ પણ એકાએક ભૂંસી શકતો નથી. એમની એ પ્રભાવના અખંડ તાજી જ રહી શકે છે. સાચી પ્રભાવના તો એ જ ગણાય.

એકાદ તપશ્ચર્યા કોઇ આરંભે અને ચઢતી પરિણામની ધારાએ અંતઃકરણની શુદ્ધતાપૂર્વક ધીમે ધીમે તેની પૂર્ણાહુતિ કરે. કર્મની નિર્જરા કરતા આનંદની ઊર્મિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉછળી આવે અને પોતાની આર્થિક પરિસ્થિતિને અનુકૂલ ખૂબ ઉત્સાહપૂર્વક પોતાના સ્વધર્મી બંધુઓને પૂજ્ય ગણી તેમની અશન, પાનાદિક સાધનોવડે ભક્તિ કરે એ સાચી પ્રભાવના ગણી શકાય; કારણ કે તેમાં અંતરંગની શુદ્ધતા રહેલી છે. તેમાં સ્વાર્થ, દંભ, ઈર્ષ્યા કે લોભના કાળા છાંટા નથી, એ જ ખરી ધર્મ પ્રભાવના ગણી શકાય. બાકી તો કેવળ રીત-રિવાજથી કે દેખાદેખી કરેલી પ્રભાવના એ નામ માત્ર જ પ્રભાવના ગણાય. ધર્મ-પ્રભાવનાનું ઊંચું ફળ મેળવવા માટે તે કારણભૂત ન જ થઈ શકે.

ધર્મ-પ્રભાવનામાં ઔચિત્ય એ પણ એક મહત્ત્વની બાબત ગણાય. દેશકાળ પરિસ્થિતિને અનુકૂલ રહી ધર્મ-પ્રભાવના કરવી જોઇએ. કોઇ વિદ્યાર્થી કેવળ ભણવા માટે ચોપડીઓ કે બીજા સાધનો નહી મેળવવાના કારણે ભણતો અટકી પડે, એની ભણવાની હોંશ મારી જતી હોય કે એની બુદ્ધિનો વિકાસ અટકી જતો હોય તો એવા વિદ્યાર્થીને કેવળ વાત્સલ્યભાવે તેવા સાધનો પૂરા પાડવા એ સ્વધર્મી વાત્સલ્ય સાથે ધર્મ-પ્રભાવના પણ ગણી શકાય. તેમજ ઉદરનિર્વાહના વ્યવસ્થિત સાધનોની અનુકૂલતા ન હોય તેવાં બંધુઓ ધાર્મિક કાર્યોમાં સારું લક્ષ આપી શકતા નથી. તેવાઓને તેનું સ્વમાન ન ઘવાય તેવી રીતે અનુકૂલતા કરી આપવી એ પણ ઉચિત એવી ધર્મ-પ્રભાવના જ ગણાય. કારણ અનુકૂલતા થતા અને કાંઇક શાંતિ મળતાં તેનું મન ધર્મ ભાવના સાથે જોડાવાનો વધારે સંભવ છે. એવી પ્રભાવના વગર લોભે કરી અંતઃકરણને સાત્ત્વિક આનંદ આપવો એ આપણું કર્ત્તવ્ય છે.

ધર્મશ્રવણ કરવા આવનારા બંધુ ભગિનીઓ માટે મ્હોં મીઠું કરી સમાધાન મેળવવું એ એક પ્રભાવનાનો પ્રકાર ગણાય છે ખરો; પણ તેમાં ઔચિત્ય કેટલું તેનો વિચાર થવાની જરૂર છે. કેટલાએક બંધુ અને ભગિનીઓ માટે તો એ એક જાતનું વિલોભન થઇ પડે છે. ધર્મ-પ્રવચનમાં શું કહેવાયું એની તેમને જરા પણ દરકાર હોતી નથી. આખા સમયમાં જોડેના માણસો સાથે કાનવાતો અગર છોકરાઓને રમાડવામાં જ આખો વખત પૂરો કરી આવ્યા ત્યારે જેવા હોય તેવા ને તેવા જ કોરા મન સાથે પાછા ફરનારાઓ માટે જ અમારા એ વિચારો છે. ચાલતી આવતી પરંપરામાં દેશકાલ અને પરિસ્થિતિને અનુકૂલ કાંઇ ફેરફાર થવો ઉચિત છે એ જ અમારો ઉદ્દેશ છે ફેરફાર પ્રભાવનાનો નહીં પણ તેની પદ્ધતિનો થાય અને તે વધુ સાર્થક બને એ જ અમારો લખવાનો હેતુ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા....સમાચાર.

તા. ૬-૮-૫૦ બીજા અશાડ વદ ૮ રવિવારના રોજ સભાની મેનેજીંગ કમિટીની બેઠક મળી હતી.

સભાનો સં. ૧૯૯૯ થી ૨૦૦૫ સુધીનો તૈયાર હિસાબ મૂકવામાં આવ્યો હતો. આ હિસાબ સભામાં છેલ્લા એક અઠવાડીયાથી મેનેજીંગ કમીટીના મેંબરોને વાંચવાને માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, અને તે બાબતના ખબર મેંબરોને સરકયુલર મારફત આપવામાં આવ્યા હતા. હિસાબ રજૂ કરી વંચાણુ થતાં મેંબરોએ એવી ઇચ્છા બતાવી હતી કે હિસાબ દરેક કમિટીના મેંબરને વાંચવા મોકલવો, અને ત્યારપછી ફરી વાર કમિટી બોલાવી હિસાબ મંજૂરી માટે રજૂ કરવો. આ સૂચના માન્ય રાખવામાં આવી.

ત્યારબાદ શ્રાવણ શુદ ૩ ના રોજ સભાની ૬૯ મી વર્ષગાંઠ હોવાથી નિયમ પ્રમાણે સવારે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી પૂજા ભણાવવાનું અને બપોરના સભાના તમામ મેંબરોને ચા-દુધ આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. કેટલાક સભ્યો તરફથી એવી સૂચના થઇ હતી કે મેંબરોએ બહારગામ જઇ પૂજા ભણાવવાનો અને જમણવાર કરવાનો બની શકે તો વિચાર કરવો, પણ પચાસ ઉપરાંત માણસોને જમાડવાનો સરકારનો પ્રતિબંધ હોવાથી આ સૂચના ઘણી આવકારદાયક હોવા છતાં અમલમાં મૂકી શકાય તેવી ન હોવાથી તે વિચાર બંધ રાખવામાં આવ્યો હતો.

ત્યારબાદ સભા તરફથી પુસ્તક પ્રકાશન કરવાનો સવાલ ચર્ચવામાં આવ્યો હતો. કાગળ અને છાપવાના ઘણા ઊંચા ભાવો થઇ ગયેલા હોવાથી કેટલાક વખતથી પ્રકાશનનું કામ મંદ ચાલે છે, છતાં આટલા સમય બાદ પણ સોંઘવારીનો વારો ન આવવાથી અને સોંઘવારી થવાનો સંભવ નજીકના ભવિષ્યમાં ઓછો જણાવાથી લાંબો વખત પ્રકાશનનું સભાનું મુખ્ય કામ બંધ રાખી શકાય નહિ, માટે સભાના જે જે પુસ્તકોની માગણી વધારે રહે છે તેવા પુસ્તકો છપાવવાનું કામ બનતી સગવડતાએ હાથ લેવાનું ઠરાવ્યું. ઉપરાંત કોઇ ગૃહસ્થ તરફથી નવા પુસ્તકોના પ્રકાશન માટે મદદ મળવાનો પ્રયાસ કરી નવા પુસ્તકો છપાવવાનું કામ પણ હાથમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું.

બાદ કમિટીની બેઠક પૂરી થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદા કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

---

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ-સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

---

## આગમોનું દિગ્દર્શન

લેખક—**પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા**

શ્રી હીરાલાલભાઇની વિદ્વત્તાથી આજે કોણ અજાણ છે? તેઓએ અત્યંત પરિશ્રમપૂર્વક ઘણા વર્ષોની મહેનત પછી આગમ સંબંધી સૂક્ષ્મ છણાવટપૂર્વક આ ગ્રંથની સંકલના કરી છે. આગમના અભ્યાસીએ આ ગ્રંથ વાંચવા તેમજ વસાવવા જેવો છે. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ ૨૫૦, મૂલ્ય રૂા. સાડા પાંચ.

---

## દાનધર્મ, પંચાચાર

લેખક—**શ્રી મનઃસુખભાઇ કીરતચંદ મહેતા**

આ પુસ્તકમાં દાન ધર્મના પ્રકારો, પાંચ આચારોનું સુવિસ્તૃત વિવેચન અને સ્વામીવાત્સલ્ય સંબંધી નિબંધરૂપે સુંદર આલેખન કરવામાં આવ્યું છે. શ્રી મનઃસુખભાઇના આ નિબંધસંગ્રહનું તેમના સુપુત્ર અને અધ્યાત્મપ્રિય શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ સુંદર રીતે સંપાદન કરી આ પુસ્તક પ્રકાશન કર્યું છે. આ પુસ્તક વસાવવા તેમજ વાંચવા લાયક છે. મૂલ્ય માત્ર રૂા. એક.

---

## પાઠશાળા ઉપયોગી પુસ્તકો આવી ગયા છે.

| | | | |
|---|---|---|---|
| શ્રી પંચપ્રતિક્રમણ મૂળ | રૂા. ૧-૪-૦ | ગુણુસાર ( કથા ) | ૦-૮-૦ |
| શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ. | રૂા. ૦-૬-૦ | જયવિજય ( ,, ) | ૦-૮-૦ |
| શ્રી અર્હત્-પ્રાર્થના ( સ્તુતિ ) | ૦-૪-૦ | હરિબલ ( ,, ) | ૦-૮-૦ |
| આત્મવાદ | ૦-૧૦-૦ | વિક્રમાદિત્ય ( ,, ) | ૦-૧૦-૦ |
| શિવભૂતિ ( કથા ) | ૦-૪-૦ | અક્ષયતૃતીયા ( ,, ) | ૦-૧૨-૦ |
| નયવાદ | ૦-૪-૦ | વિચારસૌરભ | ૦-૩-૦ |
| | | જ્ઞાનપંચમી માહાત્મ્ય ( વરદત્તગુણમંજરી ) ( કથા ) | ૦-૮-૦ |

લખો:—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

ખાસ વાંચવા લાયક વસાવવા લાયક નવા પુસ્તકો

હવે તો ઘણી જ જુજ નકલો શીલીકમાં રહી છે તો તમારી નકલ માટે સત્વર લખી જણાવો.

# શ્રી આનંદઘનજી–ચોવીશી

## [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઇંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ. પર્યુષણના દિવસોમાં સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે.

# શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઇંડીંગ અને પાંચશે લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

# વડી દીક્ષા

વરલનિવાસી શાહ ભવાનભાઇ જેચંદભાઇએ તાજેતરમાં જ પંન્યાસ શ્રી કંચનવિજયજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા સ્વીકારી છે. તેઓ આપણી સભાના ઘણા વર્ષોથી સભાસદ હતા અને અવારનવાર કાવ્યો લખી "પ્રકાશ"ના વાચકોને અધ્યાત્મરસ પીરસતા હતા. તેઓશ્રીને ભાવનગરખાતે બીજા અશાડ શુદ ૯ ને રવિવારના રોજ વડી દીક્ષા આપવામાં આવી હતી અને મુનિશ્રી ભાસ્કરવિજયજી તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તેમના પુત્ર શાંતિલાલે પ્રભાવના કરી હતી. તેઓ સંસારીપણે પણ શ્રદ્ધાળુ અને ક્રિયામાં રુચિવાળા હતા. અમો તેમના આ પ્રશંસનીય કાર્યની અનુમોદના કરીએ છીએ.

# ખેદકારક પંચત્વ

વાલુકડનિવાસી ભાઇ રતિલાલ છગનલાલ પ્રથમ અશાડ શુદિ ૧ને શુક્રવારના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓ પાંચ-સાત વર્ષથી વ્યાપારાર્થે ભાવનગર આવેલ અને ધાર્મિક ક્રિયાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા. સ્વભાવે મિલનસાર અને વૈયાવચ્ચપ્રિય હતા. આપણી સભાના વાર્ષિક સભાસદ હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only